**આજનો સુવિચાર**

જિંદગી ખુલ્લી કિતાબ છે એનો અર્થ એવો નથી કે મનફાવે ત્યારે પાના ફાડી નાખવા

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૯ જૂનાગઢ તા.૨૫-૧૨-૨૦૨૩ સોમવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 9, Junagadh : Date : 25 December, 2023, Monday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

# આગામી લોકસભાની ચૂંટણીમાં પાંચમાંથી ચાર રાજયોમાં ભાજપને મળશે પ્રચંડ બહુમતી : સર્વે



(દિલ્હી બ્યુરો)

નવી દિલ્હી,તા.૨૫: ભાજપ અને કોંગ્રેસે લોકસભા ચૂંટણી ૨૦૨૪ની તૈયારીઓ શરૂ કરી દીધી છે. સ્પર્ધા મુખ્યત્વે ભાજપની આગેવાની હેઠળના **NDA** અને **I.N.D.I.A** અને કોંગ્રેસ સાથે ગઠબંધન વચ્ચે છે. દરમિયાન, ૨૦૨૪ની સામાન્ય ચૂંટણીઓ માટેના ઓપિનિયન પોલના પરિણામો આવી ગયા છે. સી-વોટરના ઓપિનિયન પોલ સર્વે મુજબ દક્ષિણ ભારત ભાજપ માટે મોટો પડકાર હોય તેમ લાગી રહ્યું છે. તાજેતરમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં પણ ભાજપને દક્ષિણમાં નિરાશાનો સામનો કરવો પડ્યો હતો. આવી સ્થિતિમાં એ જોવાનું રહેશે કે સર્વેમાં કોને કેટલી બેઠકો મળવાની આશા છે. સર્વેમાં ભાજપ રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને કર્ણાટકમાં જોરદાર પ્રદર્શન કરતી જોવા મળી રહી છે. આમ, કર્ણાટક, તેલંગાણા, છત્તીસગઢ, મધ્યપ્રદેશ અને રાજસ્થાનના ઓપિનિયન પોલ સી-વોટર સર્વે મુજબ, ભાજપ કુલ ૧૧૦ બેઠકોમાંથી ૮૨ થી ૯૨ બેઠકો જીતી રહી હોય તેવું લાગી રહ્યું છે. જયારે કોંગ્રેસને ૧૩-૨૩ અને અન્યને ૪-૬ બેઠકો મળવાની ધારણા છે.

સર્વે અનુસાર તેલંગાણામાં લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસનો બાપડો જોવા મળી રહ્યો છે. તે જ સમયે, કર્ણાટકમાં ભાજપ કોંગ્રેસને પછાડતી જોવા મળી રહી છે. તેલંગાણામાં પાર્ટી વિધાનસભા ચૂંટણીમાં પોતાના પ્રદર્શનનું પુનરાવર્તન કરતી જોવા મળી રહી છે. તેલંગાણામાં કોંગ્રેસને ૩૮ ટકા વોટ મળવાનું કહેવાય છે. તે જ સમયે ભાજપને ૨૧ ટકા વોટ મળવાનું કહેવાય છે. સી વોટરના સર્વેમાં ભાજપ કર્ણાટકમાં કોંગ્રેસને પછાડતી દેખાઈ રહી છે. પાર્ટી તેના અગાઉના પ્રદર્શનનું પુનરાવર્તન કરતી જોવા મળી રહી છે. આ રીતે બે રાજયોની ૪૫ સીટોના હિસાબે કોંગ્રેસ કરતા ભાજપ સારી દેખાઈ રહી છે. જો કે કોંગ્રેસની છેલ્લી વખતની કામગીરીમાં સુધારો જોવા મળી રહ્યો છે.

## દેશનાં વડાપ્રધાન તરીકે ૫૯ ટકા સાથે નરેન્દ્ર મોદી હોટફેવરીટ



નવી દિલ્હી તા.૨૫ : દેશમાં લોકસભાની ચૂંટણી નજીક છે. બધી પાર્ટીઓએ ગ્રાઉન્ડ લેવલે તૈયારી શરૂ કરી દીધી છે. એક બાજુ ભાજપ સતા પર પુનરાગમન માટે કમર કસી રહી છે તો ઈન્ડીયા ગઠબંધન પણ જોરદાર ટકકર માટે તૈયાર છે. દરમ્યાન એક સવાલ બધાના મનમાં છે કે લોકો આ વખતે પીએમ તરીકે કોને જોવા માગે છે. મોદીને કે રાહુલને હાલમાં જ સી વોટરે આખા દેશમાં એક સર્વે કર્યો હતો.

જેમાં સ્પષ્ટ બહાર આવ્યું હતું કે હજુ પણ લોકોની વહેલી પસંદ મોદી છે.હિન્દી પટ્ટી રાજયોમાં તો મોદીનો રાહુલથી ઉપર લીડ રાખી છે.સર્વેનાં આંકડા બતાવે છે કે ૫૯ ટકા લોકો હજુ પણ પીએમ તરીકે મોદીને જ પસંદ કરે છે જયારે ૩૨ ટકા લોકો રાહુલ ગાંધીને તે પર જોવા માંગે છે. હાલમાં જ છતીસગઢ, મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં ભાજપે પોતાની સરકાર બનાવી છે.આ સ્થિતિમાં આ ત્રણેય હિન્દી પટ્ટી રાજયોમાં પણ માહોલ મોદીના પક્ષમાં જોવા મળે છે. એમપીમાં ૬૬ ટકા લોકો મોદીને પીએમ તરીકે જોવા ઈચ્છે છે. ઈન્ડીયા ગઠબંધન પીએમ માટે કોને ઉમેદવાર બનાવવો જોઈએ તેને લઈને સર્વેમાં રાહુલ ગાંધી હજુ આગળ જોવા મળી રહ્યા છે.૩૪ ટકા લોકોનો મત છે કે વિપક્ષે પીએમ પદ માટે રાહુલને ઉમેદવાર બનાવવા જોઈએ.




Kaneriya Oil Industries

RANI®
GOLD સિંગતેલ
www.ranioil.com

નેચરલ હી સહી હૈ

Since 1979

✔ ઉચ્ચ ગુણવત્તા યુક્ત ચૂંટેલી મગફળીમાંથી બનાવવામાં આવે છે.
✔ કોઈપણ પ્રકારનાં કેમિકલ પ્રોસેસીંગ વગર તૈયાર થાય છે.
✔ MUFAનું ઉચ્ચ પ્રમાણ – ગુડ કોલેસ્ટેરોલ વધારે અને બેડ કોલસ્ટેરોલ ઘટાડે છે.

# ગાઝા પટ્ટીમાં ઈઝરાયેલનો વધુ એક હવાઈ હુમલો : ૭૦નાં મૃત્યુની આશંકા



ગાઝા,તા. ૨૫

ઈઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધને બે મહિનાથી વધુ સમય થઈ ગયો છે. પરંતુ યુદ્ધ સમાપ્ત થવાના કોઈ ચિહ્નો નથી. આ દરમિયાન ઈઝરાયેલે ગાઝા પટ્ટીમાં પોતાના હુમલાઓ વધુ તીવ્ર કર્યા છે. આ સંદર્ભમાં, રવિવારે, હમાસ સંચાલિત ગાઝામાં આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે શરણાર્થી શિબિરમાં ઘણા ઘરો પર ઈઝરાયેલના હવાઈ હુમલામાં ઓછામાં ઓછા ૭૦ લોકો માર્યા ગયા છે. મંત્રાલયે જણાવ્યું હતું કે ઈઝરાયેલના હુમલામાં પેલેસ્ટિનિયન પ્રદેશની મધ્યમાં આવેલા અલ-મગાઝી કેમ્પમાં ઘરોનો નાશ થયો હતો. સમાચાર એજન્સી એએફપીએ મૃત્યુની સંખ્યાની પુષ્ટિ કરી નથી.

મંત્રાલયના પ્રવકતા અશરફ અલ-કુદ્રાએ જણાવ્યું હતું કે, 'અલ-મગાઝી હત્યાકાંડમાં અત્યાર સુધીમાં ૭૦ લોકો મૃત્યુ પામ્યા છે.' **AFP** દ્વારા સંપર્ક કરવામાં આવ્યો, ઈઝરાયેલી સૈન્યએ કહ્યું કે તે અહેવાલની 'તપાસ' કરી રહી છે. અગાઉ, કુદ્રાએ કહ્યું હતું કે હુમલામાં એક રહેણાંક બ્લોક નાશ પામ્યો હતો, જયાં મોટી સંખ્યામાં પરિવારો રહેતા હતા. જેના કારણે મૃત્યુઆંક વધી શકે છે. આ સિવાય ગાઝાના સ્વાસ્થ્ય મંત્રાલયે કહ્યું કે ઈઝરાયેલના અન્ય હુમલામાં એક જ પરિવારના ૧૦ લોકોના મોત થયા છે.

# જાતિ પ્રત્યે અપમાન - અપશબ્દો જાહેરમાં કરાયા હોય તો જ એટ્રોસીટી હેઠળ ગુનો બને : અલ્હાબાદ હાઈકોર્ટનું અવલોકન

લખનૌ તા.૨૫

એટ્રોસિટી ધારા હેઠળના એક કેસની સુનાવણી કરતા અલ્હાબાદ હાઈકોર્ટની લખનૌ ખંડપીઠે અવલોકન કર્યું હતું કે જો આરોપીએ જાહેર સ્થળો પર જાતિ વિષયક અપશબ્દો કહ્યા હોય તો જ એસટી-એસસી અત્યાચાર નિવારણ ધારા હેઠળની ગુનાહિત કાર્યવાહીને રદ કરી હતી. ન્યાયમૂર્તિ શમીમ અહેમદે તેમના ચુકાદામાં જણાવ્યું હતું કે અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત જનજાતિના સભ્ય સાથે જાતિ વિષયક ઉચ્ચારણ દ્વારા મૌખિક દુર્વ્યવહારની ઘટના ઘરમાં બની હોય અને ત્યાં બીજા કોઈ હાજર ન હોય તો આરોપી સામે એટ્રોસીટી એકટ હેઠળ ગુનો બનતો નથી. જાતિ વિષયક ટીપ્પણી જાહેર વ્યૂમાં થઈ હોય તો જ કોઈ વ્યકિત સામે એસસી એસટી એકટની કલમ ૩ (૧) (એસ) હેઠળના ગુના માટે ટ્રાયલ થઈ શકે છે.

અલ્હાબાદ હાઈકોર્ટે એક સ્કૂલના માલિક સામેના કેસને રદ કરતી વખતે આ અવલોકન કર્યા હતા. વિદ્યાર્થીના માતા પિતાએ આરોપ મુકયો હતો કે સ્કૂલના માલિકે તેમના પુત્ર અને બીજા વિદ્યાર્થીઓને ધો.૧૨ની પરીક્ષામાં નાપાસ કર્યા હતા. ફરિયાદીએ આરોપ મૂકયો હતો કે આરોપી અને તેમના સહયોગીઓએ વિરોધને પાછો ખેંચી લેવા માટે રૂા.૫ લાખની ઓફર કરી હતી અને જાતિના આધારે અપશબ્દો કહ્યા હતા.

દરમ્યાન ખંડપીઠે જણાવ્યું હતું કે આરોપીએ જાહેરમાં ફરિયાદી સાથે દુર્વ્યવહાર કર્યો ન હતો અને નોંધ્યું હતું કે ફરિયાદીએ કેવા પ્રકારનો દુર્વ્યવહાર થયો હતો તેની પણ કોઈ માહિતી આપી નથી. સુપ્રીમ કોર્ટે આવા કેસોમાં આપેલા કેટલાક ચુકાદાનો ઉલ્લેખ કરીને કોર્ટે જણાવ્યું હતું.

## તૃણમુલનાં સાંસદે ફરી એકવાર ઉપરાષ્ટ્રપતિની મીમીક્રી અને મોદીની મજાક ઉડાવી

કોલકતા,તા.૨૫

ટીએમસીના સાંસદ કલ્યાણ બેનરજી હાથ ધોઈને ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડની પાછળ પડ્યાં છે. હજુ તો ચાર દિવસ પહેલા સંસદની બહાર તેમણે કરેલી ધનખડની મિમિક્રીની શાહી સુકાઈ નથી ત્યાં આજે તેમણે ફરી વાર ધનખડ અને મોદીની મિમિક્રી કરી હતી સાથે બોલ્યાં પણ ખરાં કે મિમિક્રી કરવી મારો અધિકાર છે અને હું તે ૧૦૦૦ વાર કરીશ. કલ્યાણ બેનરજીએ એક રેલીમાં ધનખડ અને મોદીની મજાક ઉડાવી હતી. તેમણે કહ્યું કે અમે સંસદની બહાર મિમિક્રી કરી હતી, પરંતુ પીએમ મોદીએ સંસદની અંદર મિમિક્રી કરી હતી. તેમણે તેમની તુલના શાળાના નાના બાળકો સાથે પણ કરી. કલ્યાણ બેનર્જીએ રેલીમાં કહ્યું કે ઉપરાષ્ટ્રપતિ ધનખડ પોતાના પદની બંધારણીય ગરિમાને ખતમ કરી રહ્યા છે. કારણ કે તેઓ વડાપ્રધાન મોદીને પદની લાલચમાં માન આપવા કરતાં વધુ શરણે જાય છે.

## સરદાર પટેલ વડાપ્રધાન હોત તો ભારત કયારનું મહાસત્તા બની ગયું હોત : અમિત શાહ

અમદાવાદ તા. ૨૫

અમિત શાહે સરદાર પટેલ સાહેબની પ્રતિમાના અનાવરણ માટેની તક આપવા માટે એસપીજી કલોલનો આભાર વ્યક્ત કરતા કહ્યું હતું કે સરદાર સાહેબનું કામ અમને વ્યક્તિત્વ સમજવા માટે ગુજરાતની બહાર નીકળવું પડે. તેઓ કહ્યું કે લક્ષદીપ માં મુસ્લિમ યુવાનો, હૈદરાબાદ, મહારાષ્ટ્ર અને નિઝામની સલ્તનતમાં રહેવાવાળા લોકો કહે છે કે સરદાર સાહેબ ન હોત તો તેઓ પાકિસ્તાનમાં હોત. અમિત શાહે કહ્યું હતું કે ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ બન્યા બાદ સમગ્ર દેશમાં પ્રવાસ કરવાનું થયું અને તેના કારણે અનેક બુદ્ધિજીવીઓ ને મળવાનું થયું. તેઓએ કહ્યું હતું કે સરદાર વલ્લભભાઈ પટેલ જો પ્રથમ વડાપ્રધાન હોત તો દેશ ક્યારનો મહાસત્તા બની ગયો હોત.

## મથુરા વૃંદાવનનાં બાંકે બિહારી મંદિરમાં ભીડ વચ્ચે શ્વાસ રૂંધાવાને કારણે બે મહિલાનાં મૃત્યુ

મથુરા તા. ૨૫ : મથુરા વૃંદાવનના બાંકે બિહારી મંદિરમાં રવિવારે ભક્તોની ભીડ વધી જતાં શ્વાસ રૂંધાવવાને કારણે બે મહિલાઓના મૃત્યુ થયા છે, જયારે અન્ય ભકતો શ્વાસ રૂંધાવવાને કારણે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. આ ઘટનાને પગલે ભક્તોમાં ગભરાટની લાગણી પણ જોવા મળી રહી છે.

રવિવારે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ વૃંદાવન પહોંચ્યા હતા જેને કારણે આ અકસ્માત સર્જાયો હોવાનું કહેવાઈ રહ્યું છે. એક તરફ જયાં જિલ્લા પ્રશાસન દ્વારા ભીડને નિયંત્રણ કરવાને લઈને જાત જાતના દાવા કરવામાં આવી રહ્યા છે તો બીજી બાજું આ મોટી દુર્ઘટના સર્જાઈ છે. દરમિયાન બાંકે બિહારી મંદિર તરફ જતા મુખ્ય માર્ગ પર અલગ-અલગ જગ્યાએ ભીડમાં અટવાઈ જવાને કારણે મહિલાઓના મૃત્યુ થયા હોવાનો અહેવાલ પણ મળી રહ્યા છે. આ અહેવાલોને પગલે ભક્તોમાં ભયની લાગણી જોવા મળી રહી છે.

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ

**હરિ-કલા + યુરોસર્જીકલ હોસ્પિટલ**

**ડો. જયંત એચ. પંડયા**
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :
● હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
● પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

બીજી બ્રાંચ: હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૮માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા....

**હિરપરા ડેન્ટલ કિલનીક**
ઈમ્પ્લાન્ટ | પીડીયાટ્રીકસ | ઓર્થોડોન્ટિકસ

**ડો. દર્પણ આર. હિરપરા**
BDS, MDS, Oral Implantologist,
C. Orthodontics,
Certified in Advance Implant Prosthodontics




સ્ક્રુ પધ્ધતિથી નવા દાંત બેસાડવા તથા ફિકસ બત્રીસી બનાવવાનાં નિષ્ણાંત

સમય : સવારે ૧૦:૦૦ થી સાંજે : ૭:૦૦ (રવિવારે બંધ)
બીજો માળ, પ્રિઝમ કોમ્પ્લેક્ષ, બસસ્ટેશન સામે,
જૂનાગઢ. ફોન : ૦૨૮૫ - ૨૬૩૬૩૯૩



**ડો. ભૂમિકા ડી. હિરપરા**
BDS, MDS,
Pedodontics and Preventive Dentistry

બાળકોનાં દાંત તથા મોઢાના રોગોનાં નિષ્ણાંત

**પાર્શ્વિ ડેન્ટલ કેર**

ઉપલબ્ધ સારવાર : ● વાંકાચુંકા દાંતની સારવાર ● ડાહપણ દાઢ કાઢવાની સર્જરી ● મો તથા જડબાનાં કેન્સરનું બાયોપ્સી દ્વારા સચોટ નિદાન ● રૂટ કેનાલ ટ્રીટમેન્ટ તથા દાંતને લગતી તમામ સારવાર ઉપલબ્ધ

અક્ષર પ્લાઝા - ૧, ચોથો માળ, ઝાંઝરડા ચોકડી, જૂનાગઢ. મો. ૯૪૨૯૦ ૧૮૩૨૮

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પદ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ઉચ્ચ ગુણવત્તા વાળી મગફળીનું શુધ્ધ સીંગતેલ

Nitin Nathvani 7211128822
Divyesh Nathvani 9924012912

શુદ્ધતા નો સ્વાદ એટલે...
GIR KESARI
Premium Quality

દેશી ઘાણીનું શુદ્ધ સીંગતેલ

KHODIYAR
MINI OIL MIL

જૂનાગઢ શહેર માટે હોમ ડીલીવરી ફ્રી આપવામાં આવશે

હરીપુર રોડ, મુ. લીમધ્રા, તા. વિસાવદર, જી. જૂનાગઢ

# કૃષિ -પશુપાલન મંત્રી રાઘવજીભાઈ પટેલના હસ્તે જૂનાગઢ જિલ્લાના મેંદરડા ખાતે રૂા.૯૯.૫૦ લાખના ખર્ચે નિર્માણ પામેલ પશુ દવાખાનાનો લોકાર્પણ સમારોહ યોજાયો

**મિલેટ વર્ષ અંતર્ગત જૂનાગઢ ડીસ્ટ્રીક ફેસ્ટિવલ-૨૦૨૩ તથા જિલ્લા કક્ષાની પશુપાલન શિબિર કૃષિ મંત્રી રાઘવજી પટેલના અધ્યક્ષ સ્થાને યોજાઈ**

**રાજ્યમાં આગામી ટૂંક સમયમાં ૧૫૦ સ્થાયી પશુ દવાખાના શરૂ થશે : પ્રભારીમંત્રીના હસ્તે ૧૬ લાખના ખર્ચે કુલ ૭ ઈ- રીક્ષાનું ફલેગ ઓફ કરાયું**






(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૫

જૂનાગઢ જિલ્લાના પ્રભારી મંત્રી અને રાજ્યના કૃષિ અને પશુપાલન મંત્રી રાઘવજી પટેલે જૂનાગઢ જિલ્લાના મેંદરડા ખાતે રૂા.૯૯.૫૦ લાખના ખર્ચે તૈયાર થયેલ પશુ દવાખાનાનું લોકાર્પણ કર્યું હતું. પશુપાલન વિભાગ અને ખેતીવાડી વિભાગના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ કાર્યક્રમમાં ન્યુટ્રી સિરિયલ યોજના - મીલેટ વર્ષ અંતર્ગત ડિસ્ટ્રિક્ટ ફેસ્ટિવલ તથા જિલ્લા કક્ષાની પશુપાલન શિબિરમાં કૃષિ અને પશુપાલન મંત્રી સહભાગી બન્યા હતા. મંત્રીના હસ્તે રૂા.૧૬ લાખના ખર્ચે કુલ ૭ ઈ- રીક્ષાનું ફલેગ ઓફ કરાયું હતું. પશુપાલકો તથા ખેડૂતોની જુદી જુદી સહાયકારી યોજનાઓનો લાભ અને સારવાર મળી રહે તે માટે જૂનાગઢ જિલ્લા પંચાયત સંચાલિત પશુ દવાખાના મેંદરડાના નવનિર્મિત મકાન લોકાર્પણ કાર્યક્રમ મંત્રીની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયો હતો. મંત્રીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૩- ૨૩માં રાજ્યમાં નવા ૪૦ પશુ દવાખાના કાર્યરત કરાયા છે તેમજ ટૂંક સમયમાં ૧૫૦ નવા પશુ દવાખાના પણ શરૂ થશે. ખેડૂતોને પશુપાલકોને વધુ સારી સુવિધા મળી રહે એ માટે દસ ગામ દીઠ એક મોબાઈલ પશુ દવાખાનાની યોજના પણ રાજ્ય સરકાર દ્વારા અમલી કરવામાં આવી છે. રાજ્યભરમાં ૫૩૦૦ થી વધુ ગામોમાં ૧૦ ગામો દીઠ ૪૬૦ મોબાઈલ પશુ દવાખાના કાર્યરત છે.તેમજ ટૂંક સમયમાં નવા ૧૨૭ એમ્બ્યુલન્સ પશુ દવાખાના શરૂ થશે. જેમાંથી ૫૦ શરૂ થઈ ગયા છે. મંત્રી આ તકે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યમાં પશુપાલકોના ઉત્કર્ષ માટે અનેક વિધ પગલાં લીધા છે. અને ખેડૂતો અને પશુપાલકોના જીવનમાં આમૂલ પરિવર્તન આવ્યા છે ત્યારે એ જ દિશામાં રાજ્ય સરકાર દ્વારા કામગીરી કરવામાં આવી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દિશા દર્શનમાં અને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ૭૬,૬૦૦ થી વધુ પણ પશુ આરોગ્ય મેળાનું સફળ આયોજન થઈ ચૂક્યું છે. દૂધ ઉત્પાદન અને શ્વેત ક્રાંતિમાં ગુજરાતે દેશને દિશા બતાવી છે અને વડાપ્રધાનશ્રી ના નેતૃત્વમાં પશુપાલન અને ખેતીના પ્રાકૃતિક સમન્વયથી સમૃદ્ધિ ના નવા શિખર ઉપર પહોંચવું છે તેવી નેમ પણ મંત્રીશ્રીએ વ્યકત કરી વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ લેવા પશુપાલકોને અનુરોધ કર્યો હતો. તેમણે વધુંમાં ઉમેર્યું હતું કે રાજ્ય સરકાર દ્વારા ખરવા મોવાસા રસીકરણ ૩ કરોડ ૨૯ લાખ કૃત્રિમ બીજદાન ૫૫૭૩ કેન્દ્ર થકી કરવામા આવ્યું છે. પશુ સારવાર સંસ્થાના બાંધકામ માટે ૧૪૩ કરોડથી વધુ રકમ ફાળવવામાં આવી છે. મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, જૂનાગઢ જિલ્લો કૃષિ અને પશુપાલન ઉપર આધારિત છે. જૂનાગઢ જિલ્લામાં ૧,૬૫,૦૦૦ જેટલી ગાય,બે લાખથી વધુ ભેંસ,૭૮૦૦૦ થી વધુ ઘેટા બકરા છે. જૂનાગઢમાં કાર્યરત વેટરનરી કોલેજ અને ૫૯ નિઃશુલ્ક પશુ સારવાર કેન્દ્રો હેઠળ ખેડૂતો અને પશુપાલકોને પશુઓની નિશુલ્ક સારવાર અને માર્ગદર્શન મળી રહ્યા છે.જૂનાગઢમાં ૧૭ જેટલા મોબાઈલ પશુ દવાખાના હાલ કાર્યરત છે. ૫૬૫ શ્રેષ્ઠ પશુપાલકોને પુરસ્કાર આપવામાં આવ્યા છે. પશુ આહાર માટે ૧૬ કરોડથી વધુની સહાય રાજ્યમાં ડેરી ઉદ્યોગને આપવામાં આવી છે.

આ તકે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા સંપાદિત પુસ્તક પાક સંરક્ષણ વ્યવસ્થાનું મંત્રીના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. આ તકે ખેતીવાડી ખાતા હસ્તક રોટાવેટર અને ટ્રેક્ટર સહાયના મંજૂરી હુકમનું વિતરણ લાભાર્થી ખેડૂતોને કરવામાં આવ્યું હતું. મંત્રીએ ખેતીવાડી, પશુપાલન, પ્રાકૃતિક કૃષિના સ્ટોલની મુલાકાત પણ લીધી હતી તેમજ રાષ્ટ્રીય ગોકુલ મિશન યોજના અંતર્ગત ગ્રામ્ય કક્ષાએ પશુઓને કૃત્રિમ બીજદાન નો વ્યાપ વધારવા માટે મૈત્રી કેન્દ્રની સ્થાપના કરવામાં આવી છે. જે ૧૪ મૈત્રી વર્કરને કીટ અને પ્રમાણપત્ર પણ મંત્રીના હસ્તે વિતરણ કરવામાં આવી હતી. આ પ્રસંગે સાંસદ રમેશભાઈ ધડુક, જૂનાગઢ જિલ્લા પંચાયત પ્રમુખ હરેશભાઈ ઠુંમર, ઉત્પાદન સિંચાઈ સહકાર ખેતીવાડી અને પશુપાલન સમિતિના અધ્યક્ષ આરતીબેન જાવિયા, જૂનાગઢ જિલ્લા સહકારી બેંકના ચેરમેન કિરીટભાઈ પટેલ, સાવજ ડેરીના ચેરમેન દિનેશભાઈ ખટારીયા, સમઢીયાળા ગામના સરપંચ ચિરાગભાઈ રાજાણી, સંયુકત પશુ નિયામક ડો. કે.આર.કટારા, જૂનાગઢ જિલ્લા વિકાસ અધિકારી મીરાંત પરીખ સહિતના અગ્રણીઓ, અધિકારીઓ અને પશુપાલકો, ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## નાતાલ પર્વને લઈને ભવનાથ અને ગિરનાર ઉપર પ્રવાસીઓનો ઘસારો




જૂનાગઢ તા. ૨૫

નાતાલ પર્વને લઈને ભવનાથ અને ગિરનાર ઉપર પ્રવાસીઓનો ઘસારો જોવા મળી રહયો છે. નાતાલ પર્વનું મીની વેકેસન શરૂ થતાં જ દૂર દૂરથી પર્યટકો મીની વેકેસન માટે જૂનાગઢ પંથકનાં પ્રવાસન સ્થળે ભારે ભીડ જોવા મળી રહી છે. ગિરનાર ઉપર બિરાજમાન અંબાજી માતાજીનાં દર્શનાર્થે પણ મોટી સંખ્યામાં ભાવિકો પ્રવાસીઓ ઉમટી પડયા છે. આ ઉપરાંત ભવનાથ તેમજ આસપાસનાં ધાર્મિક સ્થળો, સાસણ ગીર સહીતનાં વિસ્તારોમાં પણ પ્રવાસી જનતા મોટી સંખ્યામાં ઉમટી પડી છે. (તસ્વીર : વિજય ત્રિવેદી)

## જૂનાગઢ :આર્થિક સંકડામણનાં કારણે આધેડનો આપઘાત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૨૫

જૂનાગઢ શહેરમાં ઝાંઝરડા રોડ વિસ્તારમાં આવેલ રાજ પેલેસ એપાર્ટમેન્ટમાં રહેતા વિપુલભાઈ કમલનયનભાઈ પુરોહિત(ઉ.વ.૫૨) નામનાં આધેડે આર્થિક સંકડામણના કારણે ૧૯ ડિસેમ્બરના રોજ પોતાના ઘરે ઝેરી દવા પી લેતા તેમને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. શનિવારના રોજ વિપુલભાઈનું મૃત્યું નીપજ્યું હતું. આ અંગેની જાણ મૃતકના પુત્ર મનીષભાઈ પુરોહિતે કરતા બી ડિવિઝન પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી. વધુ તપાસ એએસઆઈ આર.એ. બારીયા ચલાવી રહ્યા છે.

## ભારતીય જનતા પાર્ટી જૂનાગઢ મહાનગર પાલિકા તથા ભાવનગર મહાનગરપાલિકાનાં પ્રશિક્ષણ વર્ગ તાલાળા ગીર ખાતે યોજાયો




(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૫

ભારતીય જનતા પાર્ટીની વિચારધારા હંમેશા લોકોની વચ્ચે રહીને કાર્ય કરવાની રહી છે ત્યારે ભારતીય જનતા પાર્ટીનાં ચુંટાયેલા જનપ્રતિનિધિઓ એ કેવી રીતે લોકો વચ્ચે રહેવું જોઈએ તે અંગે ભારતીય જનતા પાર્ટી પોતાના જનપ્રતિનિધિઓને સતત માર્ગદર્શન આપતાં રહે છે અને સમયાંતરે પ્રશિક્ષણ વર્ગનું આયોજન કરતા આવે છે.

ભારતીય જનતા પાર્ટી હંમેશા સંગઠન અને સરકારમા કાઈક નવું કરવાની ભાવના સાથે હંમેશા કાર્યશીલ રહે છે અને રાષ્ટ્રીય લેવલથી બુથ લેવલ સુધી નાં કાર્યકરોને પણ માર્ગદર્શન આપતાં રહે છે. વિશ્વની સૌથી મોટી રાજકીય પાર્ટી તરીકે ઉભરી આવેલી ભારતીય જનતા પાર્ટી આજે તેમની શિસ્તબદ્ધતાને હિસાબે ખુબજ આગળ છે અને આ શિસ્ત નાં સિંચન માટે તા.૨૩-૧૨-૨૦૨૩ અને ૨૪-૧૨-૨૦૨૩ બે દિવસ પ્રદેશ સંગઠનની સુચનાથી જૂનાગઢ મહાનગર પાલિકા તથા ભાવનગર મહાનગરપાલિકાનાં કોર્પોરેટરઓનો એક પ્રશિક્ષણ વર્ગ તાલાળા ગીર ખાતે યોજવામાં આવ્યો છે. પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલની સુચનાથી પ્રદેશ સિનિયર આગેવાન પ્રદિપભાઈ ખીમાણી અમોહભાઈ શાહની દેખરેખ હેઠળ પ્રશિક્ષણ વર્ગનાં મુખ્ય ઈન્ચાર્જ ધવલભાઈ દવે તથા દર્શનાબેન પુજારાની વિશેષ ઉપસ્થિતીમાં ભારતીય જનતા પાર્ટી જૂનાગઢ મહાનગરનાં યજમાન પદે મહાનગર પ્રમુખ પુનિતભાઈ શર્મા દ્વારા થયેલ વ્યવસ્થામાં મેંગો ફાર્મ તાલાળા ગીર ખાતે જૂનાગઢ મહાનગર પાલિકા તથા ભાવનગર મહાનગરપાલિકાનાં કોર્પોરેટરઓનો પ્રશિક્ષણ વર્ગ યોજાયો હતો.

# મેંદરડા તાલુકાના સમઢીયાળા ગામે વિકસિત ભારત સંકલ્પ રથયાત્રામાં પ્રભારી મંત્રી રાઘવજી પટેલની પ્રેરક ઉપસ્થિતિ

**સરકારની કલ્યાણકારી યોજનાઓની જાણકારી સાથે યોજનાના લાભાર્થીઓને મળવા પાત્ર લાભોનું વિતરણ : મેરી કહાની મેરી જુબાની અંતર્ગત કલ્યાણકારી યોજનાઓથી લાભાનવિત થયેલ લાભાર્થીઓએ પોતાની વાત રજૂ કરી**






(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૫

મેંદરડા તાલુકાના સમઢીયાળા ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રા રથ આવી પહોંચતા કૃષિ સહકાર અને પશુપાલન વિભાગના મંત્રી રાઘવજીભાઈ પટેલ, પોરબંદર મત વિસ્તારના સાંસદ રમેશભાઈ ધડુક સાવજ ડેરીના ચેરમેન દિનેશભાઈ ખટારીયા, જિલ્લા પંચાયતના પ્રમુખ હરેશભાઈ ઠુંમર, ગંગેડી આશ્રમના મહંત વિનુ મહારાજ, જિલ્લા વિકાસ અધિકારી મિરાંત પરીખ, એપીએમસીના ચેરમેન વિનુભાઈ રાજાણી, તાલુકા પંચાયત કારોબારી સમિતિના ચેરમેન મનિષાબેન પાનસુરીયા, સમઢીયાળા ગ્રામ પંચાયતના સરપંચ ચિરાગભાઈ રાજાણી, અગ્રણી વિજયભાઈ પાનસુરીયા સહિત અગ્રણીઓએ વિકસિત ભારત રથને પરંપરાગત રીતે શાળાની બાળાઓની ઉસ્થિતિમાં કુમ કુમ તિલક દ્વારા સ્વાગત કર્યુ હતું. આ પ્રસંગે મંત્રી રાઘવજીભાઈ પટેલે પ્રાસંગિક ઉદબોધનમાં સમઢીયાળાના ગ્રામજનોને સંબોધતા જણાવ્યું હતું કે તાલુકાનું સમઢીયાળા ગામ તરીકે વિકસીત ગામ તરીકે ઓળખવામાં આવી રહ્યું છે ત્યારે સરકારની વિવિધ યોજનાઓની મહત્તમ લાભાર્થીઓ આજે આ ગામમાં જોવા મળી રહ્યા છે .લોકસમુદાયના સામુદાયિક કાર્યો ઊડીને આંખે વળગે તેવી રીતે આજે શોભાયમાન થઈ રહ્યા છે ત્યારે મોદીની ગેરંટી વાળો રથ સમઢીયાળાના ગામમાં આવ્યો છે ત્યારે ગ્રામજનોએ ઉત્સાહિત ભાવે રથને આવકાર્યો અને જે રીતે કલ્યાણકારી યોજનાઓ વિશે જાણકારી મેળવી એ જ દર્શાવે છે કે આવનાર દિવસમાં ભારતનો વિકાસ સર્વોત્તમ રહેશે.

વિકસિત ભારત સંકલ્પ રથયાત્રા અંતર્ગત સમઢીયાળા લેઉવા પટેલ સમાજના પટાંગણમાં વિવિધ સરકારની કલ્યાણકારી યોજનાઓની જાણકારી આપતા પ્રદર્શન સ્ટોલનું નિદર્શન કરાયું હતું અને આ પ્રદર્શન સ્ટોલ ઉપર ગ્રામજનોએ બહોળા પ્રમાણમાં યોજનાકીય જાણકારી હાસલ કરી અને પોતાની મળવા પાત્ર લાભો વિશે અવગત થયા હતા. આ તકે ઉપસ્થિત સૌએ ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવામાં યોગદાન આપવા સંકલ્પ લીધો હતો. કાર્યક્રમ દરમ્યાન જિલ્લા વિકાસ અધિકારી મિરાંત પરિખે જણાવ્યું હતું કે આજે જૂનાગઢ જિલ્લામાં વિવિધ વિસ્તારોમાં ફરતો વિકસિત ભારત સંકલ્પ રથ ભારત સરકારની ફલેગ શિપ યોજનાઓની જાણકારી આપે છે, અને તેમાં દિન પ્રતિદિન લક્ષ્યાંકની સિદ્ધિ અવ્વલ થતી રહી છે. આ તકે મેરી કહાની મેરી જુબાની અંતર્ગત પીએમજેએવાય યોજનાના લાભાર્થી દેવેન્દ્રભાઈ કોટડીયા અને પરસોત્તમભાઈએ પોતાને કેન્સર સંદર્ભે મળેલી સારવારની વિગતો આપી યોજનાથી આર્થિક લાભ મેળવવાની ખુશી વ્યક્ત કરીને સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. સોનલબેન વૈષ્ણવે ઉજ્વલા યોજના અંતર્ગત પોતાને મળેલ એલપીજી સિલિન્ડરની ખુશી વ્યકત કરતા જણાવ્યું હતું કે શાળા અને લાકડાના યુગનો મારા ઘરથી અંત આવ્યો અને આજે અમે રાંધણ ગેસથી રસોઈ બનાવી અને આરોગ્યમય રીતે સારૂ જીવન જીવી રહ્યા છીએ તો પ્રાકૃતિક ખેતીના સફળતા હાંસલ કરનાર ખેડૂતેવા હર્ટિસી સિસોદિયાએ પોતાની પ્રાકૃતિક ખેતીની વિગતોની વાત કરતા જણાવ્યું હતું કે પ્રાકૃતિક ખેતીએ આવનારા દિવસોની જરૂરત છે. જો પ્રાકૃતિક ખેતીને અપનાવશો તો જ આરોગ્ય તંદુરસ્ત રહેશે અને ખેડૂતોના ખેતરની ઉપજ મૂલ્ય વર્ધિત થશે.

## કેશોદમાં ગીતાજંયતી નિમીતે ભારત વિકાસ પરિષદ દ્વારા વિવિધ કાર્યક્રમો યોજાયા




(પ્રતિનિધિ દ્વારા)

કેશોદ તા.૨૫

કેશોદ શહેરમાં શ્રીમદ ભગવદ ગીતાની ગીતા જયંતિ નિમીતે ભારત વિકાસ પરીષદ કેશોદ દ્વારા સવારે સાત વાગ્યે શ્રી ગોપેશ્વર મહાદેવ મંદિરેથી પ્રભાત ફેરી શરૂ કરી શહેરના મુખ્ય માર્ગો ઉપર શ્રીમદ ભગવદ ગીતાના શ્લોકો સાથે ચોક વિસ્તારમાં પ્રવચન કરતાં શ્રી રણછોડજી મંદિર સુધી બાઈક રેલી કાઢી પરત શ્રી ગોપેશ્વર મહાદેવ મંદિર ખાતે પુર્ણ કરવામાં આવી હતી. ગીતા જયંતિ નિમીતે રાત્રે ગીતા પુજન અર્ચન કાર્યક્રમ સાથે સાથે ભાગવતાચાર્ય ઉતમભાઈ સારસ્વતની મધુર વાણીથી પ્રવચનનો કાર્યક્રમ શ્રી ગોપેશ્વર મહાદેવ મંદિર ખાતે રાખવામાં આવેલ હતો. વંદેમાતરમ રાષ્ટ્રીય ગીત સાથે પ્રણાલી મુજબ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો. ભારત વિકાસ પરીષદના પ્રમુખ મહાવીરસિંહ જાડેજા, ડો. સ્નેહલ તન્ના, વકતા ભાગવતાચાર્ય ઉતમભાઈ સારસ્વત શ્રી ગોપેશ્વર મહાદેવ મંદિરના રાજુભાઈ પંડ્યા, વિરાભાઈ પરમાર, સતસંગ મંડળના બહેનો દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. ભારત વિકાસ પરીષદના પ્રમુખ મહાવીરસિંહ જાડેજાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. ગીતા જયંતિ નિમીતે ભાગવતાચાર્ય ઉતમભાઈ સારસ્વત દ્વારા પોતાની લાક્ષણિક શૈલીમાં મનુષ્ય જીવનને શ્રેષ્ઠ કેમ બનાવવું, જીવનના અલગ અલગ પડાવો ઉપર કેવું કર્મ કરવું, એ વાત શ્રીમદ ભગવદ ગીતા શીખવે છે. શ્રીમદ ભગવદ ગીતાને કોર્ટમાં શપથ લેવામાં ઉપયોગ કરવાની સાથે અભ્યાસ વર્ગમાં સમાવેશ કરવામાં આવ્યાં બાદ પ્રથમ જયંતિ આપો આપ મહત્વપૂર્ણ બની ગયેલ છે ત્યારે માનવજીવનમાં આધિ વ્યાધિ ઉપાધિ આવે ત્યારે એ તમામનો ઉકેલ શ્રીમદ ભગવદ ગીતામાં દર્શાવવામાં આવી છે. જેનું ઉદાહરણ સાથે તમામ અધ્યાયના શ્લોકોનું વિવરણ ભાગવતાચાર્ય ઉતમભાઈ સારસ્વત દ્વારા કરવામાં આવતાં શ્રોતાઓએ ધન્યતા અનુભવી હતી. શ્રીમદ ભગવદ ગીતાના પંદરમાં અધ્યાયનું સામુહિક ગાન કરવામાં આવ્યું હતું. ભારત વિકાસ પરીષદના પ્રમુખ કારોબારી સભ્યો દ્વારા ભાગવતાચાર્ય ઉતમભાઈ સારસ્વતનું અને શ્રી ગોપેશ્વર મહાદેવ મંદિરના વ્યવસ્થા સમિતિના સભ્યોનું પ્રતિકૃતિ આપી સન્માન કરવામાં આવ્યું હતું. શ્રીમદ ભગવદ ગીતાનું અબીલ ગુલાલ કંકુ અક્ષત સાથે પુજન અર્ચન મહાનુભાવો અને શ્રોતાગણ ભાઈઓ અને બહેનોએ કર્યું હતું. હિંદુ સંસ્કૃતિમાં આ ખુબ મહત્વપૂર્ણ દિવસ છે. આથી આવનાર પેઢીમાં આ દિવસનું મહાત્મ્ય જળવાઈ રહે એવા શુભ હેતુથી ભારત વિકાસ પરીષદના નિમંત્રણને માન આપી નગર શ્રેષ્ઠીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. ગીતા જયંતિ નિમીતે આયોજિત ગીતા પુજન અર્ચન કાર્યક્રમ બાદ પ્રસાદ વિતરણ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઉદઘોષક ડો. ભુપેન્દ્રભાઈ જોષીએ કર્યું હતું.

## કોડીનારના પંથકમાં નકલી ડી.એ.પી ખાતરથી ખેડૂતો ત્રાહીમામ : નકલી ખાતર વેચતા લોકો માથે તાત્કાલિક પગલાં કિસાન એકતા સમિતિએ માંગ કરી



(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર તા.૨૫

કોડીનાર તાલુકાના મિતિયાજ ગામના ખેડૂતોએ ઘઉંની વાવણીના સમયે ખાતરની ખાસ જરૂરિયાત સમયે ઉના તાલુકાના તડ ગામે કિસાન એગ્રોમાંથી ડી.એ.પી ખાતરની ખરીદી કરી હતી. આ ખાતર ખેડૂતોએ ઘઉંની વાવણી સમયે ઉપયોગ કર્યો આજે અંદાજે એકથી દોઢ માસ થવા છતાં પણ ઘઉમાં વૃદ્ધિ ન થતા ખેડૂતોને શંકા જતા નિષ્ણાંતોની અને ખેડૂત આગેવાનોની સલાહ લઈ તપાસ કરતા લીધેલું ખાતર નકલી હોવાનું જાણવા મળતા ખેડૂત આગેવાનોને રજૂઆત કરતા આગેવાનોએ રૂબરૂ ખેતરની મુલાકાત લઈ ખેડૂતોએ અનેક સાબિતી બતાવતા આગેવાનોએ એગ્રો માલિક સાથે ટેલિફોનિક વાત કરતા એગ્રો માલિકે સ્વીકાર્યું હતું કે આ ખાતરનું કોઈ જીએસટી બિલ અમારી પાસે નથી તેમ જ ખાતર બાબતે અનેક બાબતો સ્વીકારતા ખેડૂતો રોષે ભરાયા છે. ત્યારે હાલ તો ખેડૂતોના ઘઉંના પાકને નિષ્ફળ ગયો છે. ખેડૂતોની "પડ્યા ઉપર પાટુ" જેવી સ્થિતિ થઈ છે આ બાબતે કિસાન એકતા સમિતિ દ્વારા તમામ છેતરપિંડી પામેલા ખેડૂતોની મુલાકાત લઈ ખાતરની લેબોરેટરી કરી ખેડૂતોને તાત્કાલિક વળતર મળે તે માટે કિસાન એકતા સમિતિએ ખેતી નિયામક અધિકારી ગીર સોમનાથને પત્ર લખી માંગણી કરી છે. વધુમાં સુરપાલ બારડ(ખેડૂત પ્રમુખ- કિસાન એકતા સમિતિ)એ જણાવ્યું હતું કે, જયારે ઘઉંની વાવણી ના સમયે કોડીનાર પંથકમાં ખાતરની તીવ્ર અછત હોવાથી અનેક ખેડૂતો એ જ્યાં થી ખાતર મળ્યું તે ખરીદી વાવણી કરી હતી જે પૈકી મિતિયાજ ગામના ૨૦ થી ૨૫ ખેડૂતોએ તડ ગામે એગ્રોમાંથી ડી.એ.પી ખાતર ખરીદી વાવણી કરી હતી પણ આ ઘઉંને એક દોઢ માસ વીતતા ઘઉંની વૃદ્ધિ અટકી તેમજ પીળા પડવા લાગતાં ત્રણ ત્રણ વખત યુરિયા છાંટવા છતાં વિકાસ થતો નથી. અન્ય ખેતરોમાં કોડીનારથી ખરીદેલું ખાતરમાં સારો વિકાસ છે અને આ તડ ગામનો એગ્રો સંચાલક છે તેને ખેડૂતોની સાથે કરેલી છેતરપિંડી સામે તંત્ર એ આગળ આવી કાર્યવાહી કરી ખેડૂતોને વળતર અપાવવું જોઈએ તેવી અમારી માંગણી છે.

## આવતીકાલે ભગવાન ગુરૂ દત્તાત્રેય જયંતિ



માગશર સુદ પુનમને મંગળવાર તા.૨૬-૧૨-૨૩ના દિવસે કાલે દત્ત જયંતી છે. આ દિવસે તેમનું પ્રાગટ્ય થયેલું. સ્કંદ પુરાણ પ્રમાણે માતા અનુસયાએ દતને જન્મ આપેલ ત્યારબાદ પાછળથી ગુરૂ દત્તાત્રેય નામથી પુજાયા હતા. આ દિવસે ભગવાન દતાત્રેયના ફોટાને પવિત્ર જગ્યાએ બાજોઠ ઉપર વસ્ત્ર પાથરી ભગવાન દતાત્રેયનું નામ લઈ ઘીનો દીવો કરવો, અગરબતી કરી ચાંદલો ચોખા કરી ફુલ અર્પણ કરવું. પીળા રંગની વસ્તુ ખાસ લેવી. આ દિવસે વ્રત કરવાથી જીવનના સંકટોમાંથી મુકિત મળે છે અને સંતાનના વિદ્યા અભ્યાસમાં પ્રગતિ થાય છે.

**- જ્યોતિષી રાજદીપ જોશી(વેદાંત રત્ન)**

### :: અવસાન નોંધ ::

સ્વ. વસુમતીબેન હરગોવિંદદાસ પારેખ (ઉ.વ. ૮૫) તે સ્વ. હરગોવિંદદાસ રસીકદાસ પારેખનાં ધર્મપત્ની, નેમીષ હરગોવિંદદાસ પારેખ, ભાગ્યરેખાબેન, હીરેનબેન, તુષાબેનનાં માતુશ્રી તથા ચેતનાબેન પારેખનાં સાસુ, કિર્તન નેમિષ પારેખનાં દાદીનું અવસાન તા. ૨૪-૧૨-૨૩નાં રોજ થયેલ છે.

# કોડીનાર બાર એસોસીએશનની સ્થાપના બાદ પ્રથમ વખત ચૂંટણી યોજાઈ

## ૭૬ મતદારોમાંથી ૭૧ મતદારોએ મતદાન કર્યુ, કોડીનાર બાર એસો.ના પ્રમુખ તરીકે પ્રતાપભાઈ ચાવડા,ઉપપ્રમુખ કે.સી.ઉપાધ્યાય ,સેક્રેટરી તરીકે જેશીંગભાઇ ચુડાસમા વિજેતા



(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૨૫

કોડીનાર બાર એસોસિએશનની સ્થાપના બાદ પ્રથમ વખત ડો.બાબા સાહેબ આંબેડકરના બંધારણની જોગવાઈ મુજબ ચૂંટણી યોજાઈ પ્રમુખ, ઉપપ્રમુખ અને સેક્રેટરીની યોજાયેલ રસાકસી ભરી ચૂંટણીમાં ૭૬ મતદારોમાંથી ૭૧ મતદારોએ મતદાન કર્યું હતું. કોડીનાર બાર એસો.ના વર્ષ ૨૦૨૪ના હોદેદારો માટેની ચૂંટણીનું આયોજન કરાયું હતું જેમાં ગત વર્ષે પ્રમુખ તરીકે હસમુખરાય બી.જોશી, ઉપ પ્રમુખ તરીકે મનોજકુમાર બી.જાની, સેક્રેટરીમાં જેસીંગ જી.સોસા સર્વાનુમતે બિનહરીફ ચૂંટાયા હતા. જયારે ચાલું વર્ષે હોદાઓ બિન હરીફ વરણી માટે મળેલ મિટિંગ માં પ્રમુખ ઉપપ્રમુખ અને સેક્રેટરીના નામો બિનહરીફ નિમણુંક કરવા માટે નક્કી કરતા વકીલ મંડળના અમુક સભ્યોએ વિરોધ નોંધાવતા કોડીનાર બાર એસોસીએસનની સ્થાપના બાદ પ્રથમ વખત ડો.બાબા સાહેબ આંબેડકરના બંધારણની જોગવાઈ મુજબ ચૂંટણી યોજવાનું નક્કી કરી આયોજન કરતા આ સાથે પ્રથમ વખત યોજાયેલ રસાકસીભરી ચૂંટણીમાં કુલ ૭૬ મતદારોમાંથી ૭૧ મતદારોએ મતદાન કર્યુ હતું જેમાંથી એક મતપત્ર રદ થયું હતું. ચૂંટણી અધિકારી તરીકે જેસીંગ જી.સોસા રોકાયા હતા.મોડી સાંજે ચૂંટણીનું પરિણામ જાહેર થયું હતું જેમાં પ્રમુખમાં ચાર ઉમેદવારોમાંથી પ્રતાપસિંહ વી.ચાવડાને ૩૮ મત જયારે તેમના હરીફ હરિભાઈ બી.ભેડાને ૩૦ મત બાકીના અન્ય બે ઉમેદવારોને માત્ર એક એક મત જ મળતા પ્રતાપસિંહ વી.ચાવડા ૮ મતે વિજેતા થયા હતા. ઉપપ્રમુખમાં બે ઉમેદવારોમાંથી કે.સી.ઉપાધ્યાયને ૪૦ મત જયારે તેમના હરીફ અલીનક્કી નકવીને ૩૧ મત મળતા કે.સી.ઉપાધ્યાય ૯ મતે વિજેતા જાહેર થયા હતા અને સેક્રેટરીની ચૂંટણીમાં બે ઉમેદવારો મેદાનમાં હતા જેમાં જેસીંગભાઈ એમ.ચુડાસમાને ૪૭ મત અને નિલેશ બી.પરમારને ૨૪ મત મળતા જેશીંગભાઈને ૨૩ મતે વિજેતા જાહેર કરતા પ્રમુખ પ્રતાપસિંહ ચાવડાની પેનલનો ભવ્ય વિજય થયો હતો. વિજેતા ઉમેદવારોને સર્વે એ અભિનંદન પાઠવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે કોડીનાર બાર એસોસિએશનની સ્થપના બાદ પ્રથમ વખત યોજાયેલ ચૂંટણીમાં સમગ્ર તાલુકાના લોકોની મીટ મંડાઈ હતી.

# જૂનાગઢ બહાઉદીન સાયન્સ કોલેજની ઐતિહાસિક સફળતા રાજય કક્ષાએ વિદ્યાર્થીઓ યુવા ઉત્સવમાં ઝળકીયા



જૂનાગઢ, તા.૨૫

ભારત દેશ આઝાદ થયો તેના ૭૫ વર્ષ પછી પણ આ સ્વતંત્ર દેશમાં સતાની ખુરશી માટે દેશમાં ચાલી રહેલા કોમવાદ, ધર્મવાદ, જાતીવાદ, પ્રાંતવાદ, નાતજાતના વાદ તેમજ ભ્રષ્ટાચાર અને ત્રાંત્રીકવાદના નામે નિર્દોષ માનવીના લોહી રેડાય છે ત્યાર પ્રબોધ જોષી લિખીત અને ભાવેશભાઈ જે. દેવધરીયા દિગ્દશિત એકાંકી 'હમ ઈન્શાન હૈ' (ઈશ્વર અલ્લા તેરે નામ) સંદેશો આપતું નાટક યુવા ઉત્સવ ૨૦૨૩-૨૪નો કાર્યક્રમ યોજાયો હતો જેમાં બહાઉદીન સાયન્સ કોલેજના વિદ્યાર્થીઓ ઝળકીયા છે. ગુજરાત રાજયના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિ વિભાગ ગાંધીનગર આયોજીત અને જીલ્લા યુવા વિકાસ અધિકારી પાટણ તથા હેમચંદ્રા ચાર્ય ઉતર ગુજરાત યુનિવર્સિટી પાટણના યજમાન પદે ગુજરાત રાજયનો યુવા ઉત્સવ તા.૧૬/૧૨/૨૦૨૩ના રોજ પાટણ ખાતે યોજાયો હતો જેમાં જૂનાગઢની ઐતિહાસિક વારસો ધરાવતી બહાઉદીન સાયન્સ કોલેજની વિદ્યાર્થીની બહેનો દ્વારા અભિનિત આ એકાંકી નાટક તૃતિય ક્રમે વિજેતા થયેલ છે તેમજ વકૃત્વ સ્પર્ધામાં સાવલીયા નિધી દ્વિતીય ક્રમે ગુજરાત રાજય લેવલે વિજતા થયેલ છે, એકાંકી નાટકમાં તૃતિય ક્રમે વાઘેલા કોમલબા, કુંભાણી અમીષા, દોમડીયા પાર્મી, વાછાણી ખુશી, વ્યાસ રૂદ્રી, જોષી વૈદેહી, વણાર હીના, જાડેજા જયશ્રી, સરવૈયા જાન્વી વિજેતા થયેલા છે.

આ તમામ વિદ્યાર્થીની બહેનોને આ સંસ્થાના પ્રિન્સીપાલ ડો.આર.સી. ભટ્ટ તથા જૂનાગઢ જીલ્લા યુવા વિકાસ અધિકારી નીતાબેન વાળાએ તેમજ ટીમ મેનેજર ભાવેશભાઈ દેવધરીયા અને પ્રો.શૈલેષભાઈ ડોડીયા તથા કોલેજ પરીવારે હાર્દીક અભિનંદન પાઠવેલ છે અને ભવિષ્યમાં ઉતરોતર વિજેતા થાય તેવી શુભેચ્છા પાઠવી છે.

# લાયન્સ કલબ જૂનાગઢ રૂદ્રાક્ષ દ્વારા એકઝીબીશન કમ સેલ યોજાશે

જૂનાગઢ, તા.૨૫

લાયન્સ કલબ જૂનાગઢ રૂદ્રાક્ષ દ્વારા અનેક સેવાકીય પ્રવૃતિઓ થતી રહે છે દર વર્ષે ઘરે બેસીને નાના નાના ગૃહઉદ્યોગ કરનાર મહિલાઓને આર્થિક મદદ રૂપ થવા માટે એક્ઝિબિશન કમ સેલનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ આ આયોજન તા.૬ અને ૭ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ શિવમ પાર્ટી પ્લોટ જૂનાગઢ ખાતે સવારે ૯-૦૦ થી રાત્રે ૯ સુધી કરવામાં આવેલ છે જેમાં વહેલા તે પહેલાના ધોરણે બુકિંગ આપવામાં આવશે સાવ નજીવા દરે આ આયોજન નાના ગૃહઉદ્યયોગકારોને આર્થિક રીતે મદદરૂપ થવા માટે કરવામાં આવે છે. ટેબલ બુક કરવા માટે લાયન રૂપલ લખલાણી ૯૪૨૭૫૦૨૦૨૦ નો સંપર્ક કરવા જણાવેલ છે.

# અદાણી ફાઉન્ડેશન દ્વારા 'રાષ્ટ્રિય ખેડૂત દિવસ'ની 'પ્રાકૃતિક ખેતી પરિસંવાદ' યોજી

## ખેડૂત પ્રાકૃતિક ખેતી તરફ વળે એ સમયની માંગ છે : કૃષિ વૈજ્ઞાનિકો



(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૨૫

ખેડૂત એ આપણો અન્નદાતા છે. રાત-દિવસ ખેતીમાં પોતાનો પરસેવો વહાવીને અન્ન, શાકભાજી અને ફળો પૂરા પાડે છે. દર વર્ષે ૨૩ ડિસેમ્બરને રાષ્ટ્રિય ખેડૂત દિવસ તરીકે ઉજવવામાં આવે છે. તેના ભાગરૂપે અદાણી ફાઉન્ડેશન દ્વારા ગુજરાતનાં તેના કાર્યક્ષેત્રના વિવિધ સ્થળોએ ખેડૂતોની વચ્ચે જઈને આજના સમયની માંગ પ્રમાણે "પ્રાકૃતિક ખેતી પરિસંવાદ" યોજયા હતા. કચ્છ, સુરત અને ભરૂચનાઅંતરિયાળ વિસ્તારમાં નિષ્ણાંતો દ્વારા ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કચ્છના માંડવી તાલુકાના ગંગાપર ગામે પટેલ સમાજવાડીમાં ખેડૂતો સાથે નહેરના પાણી દ્વારા વિવિધ પાકો લેવામાં આવે છે. તેમાં ગાય આધારિત ખેતી કરીને પ્રાકૃતિક ખેતીના પાંચ આયામો બીજામૃત, જીવામૃત -ઘન જીવામૃત, આચ્છાદન, વાફસા અને મિશ્રપાક અંગે વિગતે સમજ આપવામાં આવેલ. મુંદરા તાલુકાનાં ફુલેશ્વર મહાદેવ પર આજુબાજુના બગડા, ફાચરિયા, કણઝરા વગેરે ગામોના ખેડૂતોને કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિકો દ્વારા પરિસંવાદ યોજાયેલ. ભુજ તાલુકાનાં ખાવડા ખાતે પણ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની સમજ આપવામાં આવેલ. સુરતના ઉમરપાડાના ઝુમાવાડી ખાતે પાંચઆંબા,ઘાણાવડ અને ચોખવાડા ગામનાં પ્રાકૃતિક ખેતી મંડળીના સભ્યો, ખેડૂત, આગેવાનો અનેક સ્થાનિક લોક જોડાયા હતાં. અદાણી ફાઉન્ડેશન સાથે જિલ્લા પશુપાલન વિભાગ, જિલ્લા ખેતીવાડી વિભાગ અને જંગલ વિકાસ વિભાગ પણ જોડાયા હતાં. આ કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ ખેડૂતોને પશુપાલનના આધારસ્તંભોની માહિતી આપી તે અંગે જાગૃત કરવામાં આવેલ. તેમને મિનરલ મિક્ષર અંગે સમજ આપીને દરેકને એક એક કિલોની બેગનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવેલ. ભરૂચ જિલ્લાના નેત્રંગ તાલુકા ખેતીવાડીના સંયુક્ત ઉપક્રમે અદાણી ફાઉન્ડેશન દહેજ દ્વારા ૩૫૫ મહિલા ખેડુતો સાથ "ખેડુત દિવસ"ની ઉજવણી કરવમા આવી હતી. આ કાર્યક્રમ મા તાલુકા પંચાયતના પ્રતિનિધિ ગૌતમ વસાવા, કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વડા મહેન્દ્ર પટેલ, ખેતીવાડી અધિકારી કુલદિપ વાળા, આત્મા પ્રોજેકટના વિપુલભાઈ તથા યોગેશભાઈ હાજર રહેલા.ચંદ્રવણ ગામના સરપંચ અંકિતાબેન વસાવાએ પોતાના વકતવ્ય મા પ્રાકૃતિક ખેતીને મહત્વ આપી કહ્યુ કે નેત્રંગ તાલુકાને રસાયણમુક્ત બનવાવા મહિલા ખેડુતો વધારે યોગદાન આપી શેકે છે.

વિવિધ સ્થળે યોજાયેલા પરિસંવાદમાં ૧૩૪૫થી વધારે ખેડૂતો સામેલ થયા હતા. જેમાં અદાણી ફાઉન્ડેશનના વિષય નિષ્ણાંતો, પ્રોજેકટ ઓફિસર, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર તેમજ પ્રાકૃતિક ખેતી કરતાં ખેડૂતોએ હાજર રહીને પોતાના અનુભવોનું આદાન-પ્રદાન કર્યું હતું. સમગ્ર આયોજન અદાણી ફાઉન્ડેશનના ગુજરાત સી.એસ.આર. હેડ પંક્તિબેન શાહના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો હતો.

# જૂનાગઢ : શ્રી પ્રેમાનંદ સ્કુલ દ્વારા વિદ્યાર્થીઓને ઉપયોગી પોસ્ટ મુકાશે




જૂનાગઢ, તા.૨૫

જૂનાગઢની જાણીતી શૈક્ષણીક સંસ્થા પ્રેમાનંદ સ્કુલ દ્વારા ધોરણ ૧૦ તથા ૧૨ ના વિદ્યાર્થીઓ માટે ઉપયોગી આ પ્રકારની પોસ્ટ પરીક્ષા સુધી દરરોજ મૂકવામાં આવશે જે વિદ્યાર્થીઓને ખૂબ જ ટૂંકમાં અને સચોટ રીતે મળી રહેતી આ માહિતી ઉત્તમ માર્ગદર્શન સાબિત થનાર છે. ગિજુભાઈ ભરાડના છ દાયકા કરતાં પણ વધુ અનુભવના નીચોડ સ્વરૂપે આ માર્ગદર્શન તૈયાર કરવામાં આવેલું છે. આ પોસ્ટ નિયમિત મેળવવા માટે મોબાઈલ નંબર ૯૪૨૯૬ ૭૫૨૨૨ અથવા ૭૬૦૦૦ ૮૩૯૩૯ ઉપર તમારૂ નામ અને ધોરણ whatsapp કરો અને દરરોજ ફ્રી માર્ગદર્શન મેળવો. ધોરણ ૧૦ અને ૧૨ માં અભ્યાસ કરતા તમારા સૌ સગા વહાલા મિત્રોને આ મેસેજ ફોરવર્ડ કરવા એક યાદીમાં જણાવેલ છે.

# આરક્ષણ લાગુ કરે, નહીં તો આંદોલન ઉગ્ર થશે : મનોજ જરાંગે પાટીલ

દિલ્હી,તા.૨૫

મરાઠા અનામતને લઈને મરાઠા કાર્યકર્તા મનોજ જરાંગે પાટીલે શિંદે સરકારને ૨૪ ડિસેમ્બર સુધીનું અલ્ટીમેટમ આપ્યું છે. તેમને ફરી એક વખત ચેતવણી આપી છે કે ૨૪ ડિસેમ્બર સુધી આરક્ષણ લાગુ કરે, નહીં તો આંદોલન ઉગ્ર થશે. તેમને કહ્યું કે કુનબી અભિલેખમાં ૧૯૬૭ પહેલાના પુરાવા મળ્યા છે, તેમના લોહીના સંબંધીઓ અને મિત્રોને લાભ મળવો જોઈએ. આ પહેલા ૨૩ ડિસેમ્બરે બીડમાં જરાંગે પાટીલની ચેતવણી સભા આયોજિત કરવામાં આવી છે. સભા સોલાપુર રોડ પર પાટિલ મેદાનમાં થશે. આ સભાથી જરાંગે પાટીલની ચેતવણી વાસ્તવમાં શું હશે? તે સરકારને જોવુ મહત્વપૂર્ણ હશે. સભા આવતીકાલે બપોરે ૨ વાગ્યા શરૂ થશે.. તેમને કહ્યું કે ઉપવાસ ખત્મ થયા પહેલા સરકારના પ્રતિનિધિ મામલાને ઉકેલવા આવ્યા હતા. તે સમય સુધી કરવામાં આવેલા વિષયોના કાગળ તેમની પાસે છે પણ પ્રતિનિધિમંડળ જવાબ નહીં આપી શકે. ૧૯૬૭ પહેલાના રેકોર્ડ મળ્યા છે. તેમને કહ્યું કે જો આ બે દિવસમાં નિર્ણય ના થયો તો અમે આગળ નિર્ણય લઈશું. મરાઠા અનામત જ એક માત્ર એવું આરક્ષણ છે, જે કાયદામાં ફિટ થશે. એક વખત નોટિસ આપવાના ચક્કરમાં ના પડો. અમે જાહેરાત કરી નથી પણ તેમને લાગે છે કે અમારે મુંબઈ આવવુ જોઈએ તો અમે આવીશું. અમારા આંદોલન દરમિયાન તેમને કોરોના થઈ રહ્યો છે. મનોજ જરાંગે પાટીલે કહ્યું કે સરકારે સમજવુ જોઈએ અને કારણ વગર ઉગ્ર ના થવું જોઈએ.. તેમને કહ્યું કે હવે અમને સરકાર તરફથી નોટિસ આપવામાં આવી રહી છે પણ અમે તમારી નોટિસથી ડરીશું નહીં. નોટિસ આપવાની બંધ કરો, નહીં તો તમારૂ આવવુ-જવુ મુશ્કેલ થઈ જશે. અમે અત્યાર સુધી એ જાહેરાત કરી નથી કે ક્યાં જવાનું છે, ત્યાં સુધી અમને નોટિસ મળી રહી છે.

એક વખત કોલ કરો, બીજી વાર પ્રયત્ન ના કરો. મનોજ જરાંગે પાટીલે સરકારને ચેતવણી આપતા કહ્યું કે અમે અમારા બાળકોના ભવિષ્ય માટે કોઈ પણ હદ સુધી જઈ શકીએ છીએ. તેમને સભાને સંબોધિત કરતા કહ્યું કે અમે જવા ઈચ્છતા નથી પણ જો તમે જવાનો નિર્ણય કરી લેશો તો શું થશે? શું મુંબઈ અમારૂ નથી? શું અમે મુંબઈ દેખવા ઈચ્છતા નથી? મુંબઈમાં શેર બજાર જોવા નથી ઈચ્છતા? આવો જોઈએ કેવા છે મંત્રીઓના બંગ્લા? અભિનેતા- અભિનેત્રીઓના બંગ્લા? જો કોઈની ધરપકડ કરવામાં આવે તો બધાએ તે પોલીસ સ્ટેશનમાં જઈને બેસવું જોઈએ.

# જૂનાગઢમાં ડાક અદાલત યોજાશે

જૂનાગઢ, તા. ૨૫

અધિક્ષક ડાકઘર, જૂનાગઢ વિભાગ, જૂનાગઢ યાદીમાં જણાવે છે કે તા. ૨૯/૧૨/૨૦૨૩ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે જૂનાગઢ વિભાગની ડાક અદાલત યોજવામાં આવશે. આ ડાક અદાલતમાં નીતિ વિષયક નિયમો સિવાયની મુદ્દાસરની અને એક જ વિષયને લગતી ફરિયાદો પી. કે. પીલોજપરા, ફરિયાદ ઈન્સપેકટર, અધિકક્ષ ડાકઘરની કચેરી, જૂનાગઢ વિભાગ, જૂનાગઢને તા.૨૭/૧૨/૨૦૨૩ સુધીમાં મળે તે રીતે મોકલી આપવાની રહેશે તેમજ ત્યારબાદ આવેલ ફરિયાદો ધ્યાનમાં લેવાશે નહી તેમ એક યાદીમાં જણાવેલ છે.

# કોડીનાર તાલુકાના સિંધાજ ગામ ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રા અંતર્ગત કાર્યક્રમ



(પ્રતિનિધિ દ્વારા)

કોડીનાર, તા.૨૫

ગીર-સોમનાથ જિલ્લા વિકસિત ભારત સંકલ્પ યાત્રા રથને વ્યાપક જનપ્રતિસાદ મળી રહ્યો છે અને વિકસિત ભારત સંકલ્પ યાત્રાના કાર્યક્રમમાં પાત્રતા ધરાવતા લાભાર્થીઓને સ્થળ ઉપરથી જ સરકારની વિવિધ યોજનાઓના લાભો મળી રહ્યા છે જેમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા અંતર્ગત કોડીનાર તાલુકાના સિંધાજ ગામ ખાતે કાર્યક્રમ યોજાયો હતો. વિકસીત ભારત સંકલ્પ યાત્રાનો રથ કોડીનાર તાલુકાના સિંધાજ ગામ ખાતે રથનું સ્વાગત કરવામાં આવ્યું હતું તેમજ વિદ્યાર્થીઓ દ્વારા નુક્કડ નાટક સહિતના સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરવામાં આવ્યા હતા તેમજ સરકારની યોજનાઓના લાભોથી લાભાન્વિત થયેલ લાભાર્થીઓએ મેરી કહાની મેરી જુબાની અંતર્ગત પોતાના પ્રતિભાવો વર્ણવ્યા હતા તેમજ પાત્રતા ધરાવતા લાભાર્થીઓને , પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના સહિતની સરકારની વિવિધ યોજનાના લાભાર્થીઓને લોભોનું મહાનુભાવોએ હસ્તે વિતરણ કરવામાં આવ્યું હતું તેમજ ગ્રામજનોએ રથના માધ્યમથી વિકાસની ઝાંખી રજૂ કરતી શોર્ટફિલ્મ પણ નિહાળી હતી અને આ સાથે ગ્રામજનોએ આરોગ્ય કેમ્પનો પણ લાભ લીધો હતો અને ઉપસ્થિત ગ્રામજનોએ વિકસિત ભારત માટે પ્રતિજ્ઞા લીધી હતી. આ કાર્યક્રમમાં નગરપાલિકા કોડીનારના પૂર્વ પ્રમુખ શીવાભાઈ સોલંકી, તાલુકા પંચાયત કોડીનારના પ્રમુખ જીતુભાઈ પરમાર, સીંધાજ ગ્રામ પંચાયતના પૂર્વ સરપંચ અને સભ્યો સહિતના મહાનુભાવોએ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# આપણું સમગ્ર ન્યાયતંત્ર ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી લઈને માનવ સંસાધન સુધીની ભારે અછતનો સામનો કરી રહ્યું છે

સુપ્રીમ કોર્ટને આપણા બંધારણ નિર્માતાઓને બંધારણની સંરક્ષક એટલા માટે કહી હતી કારણ કે તેઓ ઈચ્છતા હતા કે દેશની જનતાને કોઈ પ્રકારની તકલીફ ન પડે, શાસન સુચારુ રૂપે ચાલે, બધાના મૌલિક અધિકાર સુરક્ષિત રહે, ધર્મ-જાતિના નામે વિવાદ ન થાય. કોઈપણ દેશમાં ન્યાય પર આધારિત સમાજની સ્થાપનામાં એ દેશની ન્યાયપાલિકાની મહત્ત્વની ભૂમિકા હોય છે. ધર્મનિરપેક્ષ એકીકૃત ભારતમાં સામાજિક અને સાંસ્કૃતિક વિવિધતાને અખંડ અને આર્થિક વિકાસના અવસરને નિરંતર જાળવી રાખવો જરૂરી છે, પરંતુ આજે સૌથી વધારે પડકારજનક કામ થઈ ગયું છે. એવામાં ન્યાયપાલિકાની ભૂમિકા પહેલાં કરતાં વધુ વ્યાપક થઈ ગઈ છે, જેમાં ન્યાયપાલિકાનું કામ એક વિવાદ નિવારક તંત્રથી ક્યાંય વધી ગયું છે. પરંતુ મહત્ત્વનો સવાલ એ છે કે શું બદલાયેલી જરૂરિયાતના હિસાબે ન્યાયપાલિકા બદલાઈ શકી છે? આપણું સમગ્ર ન્યાયતંત્ર ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી લઈને માનવ સંસાધન સુધીની ભારે અછતનો સામનો કરી રહ્યું છે. દેશની અદાલતોમાં જજોની ઘણી અછત છે, અદાલતોની કામ કરવાની રીત એ જ અંગ્રેજોના સમયની છે, અદાલતોના બુનિયાદી માળખા આધુનિક નથી થઈ શક્યા, ન્યાયપાલિકા અને કાર્યપાલિકા વચ્ચે ટકરાવ વધતો જ ગયો છે, એવા અનેક પ્રશ્નો છે જેનાથી આપણી ન્યાયપાલિકા ઝઝૂમી રહી છે.

કેન્દ્રીય કાયદામંત્રી અર્જુનરામ મેઘવાલે લોકસભામાં જનતાને જણાવ્યું કે દેશની અદાલતોમાં ૧ ડિસેમ્બર સુધી પાંચ કરોડથી વધુ કેસો પડતર છે, જેમાં સુપ્રીમ કોર્ટમાં ૮૦ હજાર કેસો પેન્ડિંગ છે. તમામ ૨૫ હાઈકોર્ટોમાં ૬૧ લાખથી વધુ અને જિલ્લા તથા અધીનસ્થ અદાલતોમાં ૪.૪૬ કરોડથી વધુ કેસો પડતર છે. કાયદા મંત્રીએ એ પણ જણાવ્યું કે ન્યાયપાલિકામાં ન્યાયાધીશોની કુલ સ્વીકૃત સંખ્યા ૨૬૫૬૮ છે, શીર્ષ અદાલતમાં ન્યાયાધીશોની સ્વીકૃત સંખ્યા ૩૪ છે, જ્યારે હાઈકોર્ટોમાં આ આંકડો ૧૧૧૪ ન્યાયાધીશોનો છે. જિલ્લા અને અધીનસ્થ અદાલતોમાં ન્યાયાધીશોની સ્વીકૃત સંખ્યા ૨૫૪૨૦ છે. આજે ભારતની અદાલતોમાં ૬ હજારથી વધુ જજોની કમી છે. તેમાંથી ૫ હજાર જજોની કમી નીચલી અદાલતોમાં છે. દેશમાં ૧૦ લાખની આબાદી પર માત્ર ૧૯ જજો છે. કોર્ટમાં પેન્ડિંગ કેસ અને જજોની કમીના આંકડા સરકાર દર વર્ષે સંસદમાં જણાવે છે, પરંતુ જજોની ભરતીની પ્રક્રિયા સુસ્ત રહી છે. સરકારે જજોની નિયુક્તિ પર વધુ ભાર મૂકવો જોઈએ. જોકે સરકારનું કહેવું છે કે ન્યાયતંત્ર તરફથી જજોના નામની યાદી જ નથી મોકલાતી, તો ન્યાયતંત્ર અને સરકાર બંનેએ સાથે મળીને જજોની ભરતી વહેલી તકે થાય તેવું આયોજન કરવું જોઈએ, જેથી જનતાને સમયસર ન્યાય મળી શકે અને તેમનો સમય, નાણાંનો વેડફાટ ન થાય. ભારતીય ન્યાયિક વ્યવસ્થા છેલ્લા લગભગ ૩૬ વર્ષોથી જજોના અપૂરતા સંખ્યાબળથી જ કામ ચલાવી રહી છે. તેથી જજોની અછત વિના વિલંબે દૂર કરવી જોઈએ, જેથી પડતર કેસોની સંખ્યામાં પણ ભારે ઘટાડો આવે અને નવા કેસોનો ઢગલો પણ ન થાય. ભારતે એક વ્યાપક ન્યાયિક સુધારની જરૂર છે.

## ઠંડીના કારણે લોકોને ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે

# દિલ્હીમાં વરસાદ, યુપી સહિત સમગ્ર ઉત્તર ભારતમાં કાતિલ ઠંડી

નવી દિલ્હી, તા.૨૫

રાજધાની દિલ્હી સહિત સમગ્ર ઉત્તર ભારતમાં કતિલ ઠંડી શરૂ થઈ ગઈ છે. ઘણા રાજ્યોમાં સવારથી ગાઢ ધુમ્મસ દેખાવાનું શરૂ થઈ ગયું છે, જેના કારણે લોકોને ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી ૨-૩ દિવસમાં ઉત્તર-પશ્ચિમ ભારતમાં સવારના સમયે ગાઢ ધુમ્મસની સંભાવના છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ૨૩ થી ૨૬ ડિસેમ્બર સુધી પંજાબના વિવિધ ભાગોમાં ગાઢથી ખૂબ ગાઢ ધુમ્મસની અપેક્ષા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, દિલ્હી-NCRમાં આજે એટલે કે શનિવારે (૨૩ ડિસેમ્બર) મહત્તમ તાપમાન ૨૪ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૯ ડિગ્રી રહેવાની શક્યતા છે. પાટનગરના કેટલાક વિસ્તારોમાં આજે હળવા ઝરમર વરસાદ બાદ ઠંડીમાં વધારો થવાની સંભાવના છે. શુક્રવારની વાત કરીએ તો અહીં મહત્તમ તાપમાન ૨૩ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૧૨ ડિગ્રી હતું. દિલ્હીમાં ઠંડી વધવાની સાથે પ્રદુષણમાં પણ વધારો જોવા મળી રહ્યો છે. અહીં AQI ૫૦૦ ને વટાવી ગયો છે. શૂન્ય અને ૫૦ ની વચ્ચે છઊં 'સારું' માનવામાં આવે છે, ૫૧ અને ૧૦૦ ની વચ્ચે AQI 'સંતોષકારક' છે, ૧૦૧ અને ૨૦૦ વચ્ચે 'મધ્યમ' છે, ૨૦૧ અને ૩૦૦ વચ્ચે 'ખરાબ' છે, ૩૦૧ અને ૪૦૦ ની વચ્ચે છે. 'ખૂબ ખરાબ' ગણવામાં આવે છે અને ૪૦૧ અને ૫૦૦ ની વચ્ચેને 'ગંભીર' શ્રેણી ગણવામાં આવે છે. ગુજરાતમાં હવામાનને લઈને આગાહી કરવામાં આવી છે. ગઈકાલે સુરતમાં કેટલાક વિસ્તારોમાં હળવા વરસાદ બાદ આગામી ૨૪ કલાકમાં રાજ્યના અન્ય કેટલાક ભાગોમાં હળવો વરસાદ વરસી શકે છે. હવામાન વિભાગે આગામી ૨૪ કલાક સૌરાષ્ટ્ર અને કચ્છના કેટલાક ભાગો, જેવા કે કચ્છ અને જામનગર જિલ્લાના કેટલાક વિસ્તારોમાં હળવા વરસાદની આગાહી કરી છે. આ ઉપરાંત દક્ષિણ ગુજરાતમાં નવસારી અને વલસાડ જિલ્લાના કેટલાક વિસ્તારોમાં પણ હળવો વરસાદ વરસી શકે છે. હવામાન વિભાગની આગાહી અનુસાર, સૌરાષ્ટ્ર અને કચ્છમાં વીજળીના ચમકારા સાથે હળવો વરસાદ વરસી શકે છે. સ્કાયમેટ વેધર અનુસાર, આગામી ૨૪ કલાકમાં મુઝફ્ફરાબાદ, લદ્દાખ, જમ્મુ-કાશ્મીર અને હિમાચલ પ્રદેશમાં હિમવર્ષા અને વરસાદની સંભાવના છે. આ સિવાય ૨૩ અને ૨૪ ડિસેમ્બરે ઉત્તરાખંડના ઘણા ભાગોમાં હળવો વરસાદ થવાની સંભાવના છે. હવામાન એજન્સીનું પણ કહેવું છે કે આજે હરિયાણા, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન અને ત્રિપુરામાં ગાઢ ધુમ્મસ રહેશે. હવામાન વિભાગે તમિલનાડુના ચાર જિલ્લામાં ભારે વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે. હવામાન વિભાગનું કહેવું છે કે છેલ્લા ૨૪ કલાક દરમિયાન પંજાબ, હરિયાણા-ચંદીગઢ-દિલ્હી, ઉત્તર રાજસ્થાનના મોટાભાગના વિસ્તારોમાં લઘુત્તમ તાપમાન ૪-૮ ડિગ્રી સેલ્સિયસ અને યુપી, દક્ષિણ રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, બિહાર, ઝારખંડના મોટા ભાગના વિસ્તારોમાં નોંધાયું હતું.

## પ્રાણ–પ્રતિષ્ઠામાં લાગશે ચાર ચાંદ

# ભગવાન શ્રીરામ માટે સાસરી મિથિલાથી આવશે ખાસ ભેટ

નવી દિલ્હી, તા.૨૫

અયોધ્યામાં બનેલા ભવ્ય રામ મંદિરનો અભિષેક ૨૨ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ થશે. બિહારના મિથિલાથી પહુન એટલે કે રામજી માટે પાગ, પાન, મખાના અને સોનાથી બનેલા ધનુષ અને તીરની ભેટ મોકલવામાં આવશે. વર્ષો પછી રામલલા તંબુમાંથી બહાર આવીને મંદિરમાં બેસશે અને આ ક્ષણ દેશ અને દુનિયા માટે ખૂબ જ ખાસ હશે. રામલલાના સ્વદેશ પાછા ફરવાના શુભ અવસર પર, મિથિલાની પરંપરા મુજબ, બિહારના મિથિલાથી રામજીના સાસરિયાઓને પાગ (પાઘડી), પાન અને મખાનાની ભેટ મોકલવામાં આવશે. બિહારના મિથિલા પ્રદેશમાં એક કહેવત છે - 'પગ પગ પોખર મચ મખાન, મધુર બોલ મુસ્કી મુખ પાન'. જ્ઞાન, વૈભવ, શાંતિનું પ્રતીક, નૈતિક મિથિલની ઓળખ. ખાસ કરીને મિથિલાના મખાનાનો ક્રેઝ દેશ-વિદેશ સાથે જોડાયેલો છે. મિથિલામાં રામજીએ ધનુષ તોડ્યા પછી સીતાજી સાથે તેમના લગ્ન થયા હતા. આવી સ્થિતિમાં પહુન (રામજી) માટે મિથિલાથી સોનાથી બનેલું ધનુષ અને બાણ પણ મોકલવામાં આવશે. આ ભેટ ૧૫ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ મોકલવામાં આવશે. હાલમાં આ ભેટ પટનાના પ્રસિદ્ધ મહાવીર મંદિરમાં છે. જ્યારે કોર્ટમાં રામ જન્મભૂમિ અને બાબરી મસ્જિદ વિવાદની સુનાવણી ચાલી રહી હતી ત્યારે પટનાના મહાવીર મંદિરે તેમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. સુનાવણી દરમિયાન મહાવીર મંદિર દ્વારા રામ મંદિરની તરફેણમાં મહત્વપૂર્ણ પુરાવા આપવામાં આવ્યા હતા. જ્યારે નિર્ણય રામજન્મભૂમિની તરફેણમાં આવ્યો અને ભવ્ય રામ મંદિરના નિર્માણની તૈયારીઓ કરવામાં આવી, ત્યારે પટનાના મહાવીર મંદિરે પણ મંદિરના નિર્માણ માટે ૧૦ કરોડ રૂપિયાનું યોગદાન આપવાની જાહેરાત કરી. રામ મંદિર નિર્માણ માટે કોઈપણ સંસ્થા કે વ્યક્તિ દ્વારા આપવામાં આવેલી આ સૌથી મોટી રકમ છે.

# મુંબઈ એરપોર્ટ પર મુસાફર પાસેથી નવ અજગર સહિત ૧૧ સાપ મળ્યા

મુંબઈ, તા.૨૫

ડીઆરઆઈએ મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી એક વ્યક્તિના કબજામાંથી નવ અજગર સહિત ૧૧ સાપ કબજે કર્યા છે. અધિકારીએ જણાવ્યું કે સાપની દાણચોરી કરવા બદલ વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે. ડીઆરઆઈના એક અધિકારીએ શુક્રવારે જણાવ્યું હતું કે ગુપ્ત માહિતીના આધારે ડીઆરઆઈના મુંબઈ ઝોનના અધિકારીઓએ બુધવારે બેંગકોકથી આવી રહેલા એક વ્યક્તિને એરપોર્ટ પર રોક્યો હતો. સામાનની તપાસ કરતી વખતે, અધિકારીઓને બિસ્કિટ અને કેકના પેકેટમાં છુપાયેલા નવ બોલ અજગર અને બે કોર્ન સાપ મળ્યા. દાણચોરી કરાયેલા જંગલી પ્રાણીઓને કસ્ટમ્સ એક્ટ હેઠળ જપ્ત કરવામાં આવ્યા હતા. અધિકારીએ જણાવ્યું હતું કે બોલ અજગર અને સાપની સ્વદેશી પ્રજાતિ નથી. જંગલી પ્રાણીસૃષ્ટિની લુપ્તપ્રાય પ્રજાતિમાં આંતરરાષ્ટ્રીય વેપાર પરના કન્વેન્શન અને આયાત નીતિના ઉલ્લંઘનમાં રજૂ કરવામાં આવ્યા હતા. અધિકારીએ જણાવ્યું કે WCCBના પ્રાદેશિક ડેપ્યુટી ડાયરેક્ટરે સાપને બેંગકોક પાછા મોકલવાનો આદેશ જારી કર્યો છે જેથી તેઓને યોગ્ય વાતાવરણ મળી શકે.

# ક્રિકેટમાં થઈ નવા જમાનાના આકર્ષક સ્ટમ્પ્સની એન્ટ્રી

નવી દિલ્હી, તા.૨૫ : ક્રિકેટમાં નવા જમાનાના સ્ટમ્પ્સની એન્ટ્રી થઈ ગઈ છે. આ નવા સ્ટમ્પ ઓસ્ટ્રેલિયાની T20 લીગ બિગ બેશ લીગમાં જોવા મળ્યા છે. જેને ઈલેક્ટ્રા સ્ટમ્પ્સ નામ આપવામાં આવ્યું છે. આ સ્ટમ્પ્સની ખાસિયત એ છે કે તે ચોગ્ગા અને છગ્ગાથી લઈને નો બોલ સુધી દરેક કેસમાં અલગ-અલગ રંગ બતાવશે. આ બધા રંગો પણ ખૂબ આકર્ષક લાગે છે. ૨૨ ડિસેમ્બર બિગ બેશ લીગ મેચ પહેલા, માર્ક વો અને માઈકલ વોને આ સ્ટમ્પ્સ વિશે વિગતવાર સમજાવ્યું હતું. માઈકલ વોને કહ્યું કે આ સ્ટમ્પનો ઉપયોગ મહિલા બિગ બેશમાં કરવામાં આવ્યો છે પરંતુ આ પ્રથમ વખત હશે જ્યારે તેનો ઉપયોગ પુરૂષોની ક્રિકેટ ટુર્નામેન્ટમાં કરવામાં આવશે.

# ખંભાળિયામાં બે સ્થળોએ વિદેશી દારૂ અંગે પોલીસની કાર્યવાહી: મુદ્દામાલ સાથે આરોપી ઝડપાયો

જામ ખંભાળિયા, તા. ૨૫

ખંભાળિયા પંથકમાં ગઈકાલે શુક્રવારે સ્થાનિક પોલીસે બે સ્થળોએ વિદેશી દારૂ અંગેની કાર્યવાહી કરી અને આ પ્રકરણમાં લાલપરડા ગામના શખ્સને મુદ્દામાલ સાથે દબોચી લીધો હતો. બાતમીના આધારે ખંભાળિયાથી આશરે ૩૦ કિલોમીટર દૂર લાલપરડા ગામે રહેતા અને વાણંદ ગામની દુકાન ધરાવતા જયેશ અનિલભાઈ રાઠોડ નામના ૨૬ વર્ષના શખ્સ દ્વારા પોતાની દુકાનમાં છુપાવીને રાખવામાં આવેલી રૂપિયા ૪,૦૦૦ ની કિંમતની વિદેશી દારૂની ૧૦ બોટલ કબજે કરી હતી. આ દારૂનો જથ્થો તેણે આ જ ગામના પરબત નાથા પિંડારિયા અને નારણ ભરવાડ પાસેથી વેચાણ અર્થે મેળવ્યું હોવાનું કબુલતા પોલીસે જયેશ રાઠોડની પ્રોહીબિશન એક્ટ મુજબ અટકાયત કરી, પરબત પીંડારીયા અને નારણ ભરવાડની શોધખોળ હાથ ધરી છે. આ સાથે કરવામાં આવેલી અન્ય એક કાર્યવાહીમાં લાલપરડા ગામના પરબત નાથા પિંડારિયા દ્વારા પોતાના કબજા ભોગવટાની વાડીએ જુના ખંઢેર મકાનમાં છુપાવીને રાખેલી જુદી જુદી બ્રાન્ડની રૂ. ૬૭,૨૦૦ ની કિંમતની ૧૬૮ બોટલ વિદેશી દારૂનો જથ્થો પોલીસે કબજે કર્યો હતો. જો કે આ સ્થળે આરોપી પરબત નાથા પિંડારિયા પોલીસને હાથ લાગ્યો ન હોવાથી ખંભાળિયા પોલીસે પ્રોહીબિશન એક્ટ મુજબ ગુનો નોંધી, આરોપીઓને ઝડપી લેવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે.

# સાલાર એક્શન મુવી

પ્રભાસરાજ, શ્રુતિ હસન, પૃથ્વીરાજ, ટીનું આનંદ અભિનિત, પ્રશાંત નીલના નિર્દેશનમાં બનેલી "સાલાર" વસ્યાલન્સ એક્શન, થ્રિલર મુવી છે. ફિલ્મની સ્ટોરી બે મિત્રોની વચ્ચે જીવન સંઘર્ષ અને એક સામ્રાજ્ય હાસિલ કરવાની મથામણ બતાવવામાં આવી છે. ફિલ્મની કથા કોઈ નવી નથી કે હાલના સમયમાં જે સામ્રાજ્ય બતાવવામાં આવ્યું છે તેવું શક્ય જ નથી.. પણ... પણ... પણ..., એક મનોરંજનની દ્રષ્ટિએ આ મુવી એક ધમાકા મુવી સાબિત થશે. ફિલ્મના સેટ્સ, પાત્રો, બેક ગ્રાઉન્ડ મ્યુઝિક. તમામ KGF જેવા જ સૈમ છે પણ ફરી એકવાર નિર્દેશક પ્રશાંત નીલે અદભુત મહેનત અને નિર્દેશન કર્યું છે તેમાં બેમતની વાત છે અને ફિલ્મ માં અનેક ટ્વીસ્ટ એવા છે કે, દર્શકો એક પળ માટે પણ પરદા ઉપરથી નજર દૂર નથી કરી શકતા. પ્રભાસરાજ ઉપર જ કેમેરો ફરે છે. સૃતિ હસન તથા પૃથ્વીરાજ અને અન્ય પાત્રો ઉપર ખુબ જ ઉમદા રીતે કામ લેવામાં આવ્યું છે... એ મહત્વની વાત છે. બેક ગ્રાઉન્ડ મ્યુજિક ફિલ્મ નો શ્વાસ છે અને સ્ક્રીપ્ટ એટલી પાવરફુલ છે કે પોણા ત્રણ કલાક ક્યા વીતી જાય તેનો ખ્યાલ જ નથી રહેતી. ગીત સ્ટોરી સાથે ગુંઠાયેલા છે. કોઈ લવસ્ટોરી છે નહીં એટલે કોઈ રોમેન્ટિક સોન્ગ કે આઈટમ સોન્ગ પણ નથી. એક્શન સિન્સ તો KGF જેવા જ પણ KGF કરતા પણ ધમકેદાર બતાવવામાં આવ્યા છે જ્યાં દર્શકો પોતાનો ઉત્સાહ રોકી નથી સકતા અને તાળીયો, સીટીઓથી સિનેમાહોલ ગુંજવી નાંખે છે. ખાસ કરીને અમુક ઈમોશનલ લાગણીસભર સીન બાદ જે એક્શન દર્શાયી જે માવજત થી કેપચર કર્યા છે તે અદભુત છે. "સાલાર" મુવીના ટ્રેલર જોયા બાદ લોકોની જે અપેક્ષાઓ હતી તે સંપૂર્ણ રીતે સંતોસકારક નીકળી છે અથવા તો એવું પણ કહીએ તો ખોટુ નહીં કે જબરજસ્ત મજા કરાવે છે. લાંબા સમય બાદ જે લોકો મનોરંજનનાં શોખીન કે એક્શન મુવીનાં શોખીન હોય તે લોકો માટે અચૂક સિનેમાહોલમાં જઈને જોવા લાયક પૈસા વસુલ મુવી છે.

- હિમાંશુ વાજા, ફિલ્મ સમીક્ષક, જૂનાગઢ.

# ભરતપુર ગામે નવનિર્મિત સબ સેન્ટરનું કેબિનેટ મંત્રીના હસ્તે લોકાર્પણ



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૫

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકાના ભરતપુર ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ગુંદાના તાબા હેઠળના ભરતપુર સબ સેન્ટરનું રાજ્યના કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પેટા આરોગ્ય કેન્દ્ર જે અગાઉ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર તરીકે ઓળખાતું, તે હવે આયુષ્યમાન આરોગ્ય મંદિર તરીકે ઓળખાશે. આ નવનિર્મિત પેટા આરોગ્ય કેન્દ્રનું કુલ રૂા.૨૫ લાખના ખર્ચે નિર્માણ કરવામાં આવ્યું છે. જ્યાં આરોગ્યની ટીમ દ્વારા બ્લડ પ્રેશર, ડાયાબિટીસની તપાસ, નિદાન અને સામાન્ય રોગચાળા સંદર્ભે સારવાર જેવી ૧૨ પ્રકારની સેવાઓ આપવામાં આવશે. આ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી એસ.ડી. ધાનાણી, તાલુકા વિકાસ અધિકારી નવીન બૈડિયાવદરા, તાલુકા હેલ્થ ઓફિસર ડો. પ્રકાશ ચાંડેગ્રા, ડિસ્ટ્રિક્ટ કો.ઓપ. બેંકના ચેરમેન પી.એસ. જાડેજા, વિગેરે સાથે આરોગ્ય વિભાગનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

વિનમ્રતા, જીજ્ઞાસા અને સેવાથી જ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

- ગીતાજી

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૫, પા.અમરદાદ-૧૩૯૩, મુ. જમા-ઉલ્લ-આખર-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, માગસર સુદ-૧૪ ક્રિસમસ ડે, નાતાલ તા.૨૫ ડિસેમ્બર ૨૦૨૩, સોમવાર, પારસી તા.૧૨, મુસ્લિમ તા.૧૧, રોહિણી નક્ષત્ર, શુભ યોગ, ગર કરણ, સૂ.ઉ.૭:૩૧, સૂ.અ.૬:૧૨

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી વૃષભ (બ વ ઉ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

## સાપ્તાહિક રાશી ભવિષ્ય

## તા.૨૫-૧૨-૨૦૨૩ થી ૩૧-૧૨-૨૦૨૩ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**મેષ : અ.લ.ઈ. સ્વામિ - મંગળ**

કાર્યક્ષેત્રે અસ્વસ્થતા આપનાર પારિવારીક ક્ષેત્રે સફળતા આપનાર બની રહે. રોકાયેલા નાણાં છૂટા થાય. મનની મૂંઝવણ દૂર થાય, કાર્યસિધ્ધિ પ્રાપ્ત થાય, માલ-મિલ્કત અંગેના પ્રશ્નો હલ થાય. તેમાં લાભ મળે તેવી શક્યતા રહેલી છે. કૌટુંબિક રીતે વાતાવરણ સારૂં રહે. સંતાનોથી લાભ થાય.

**વૃષભ : બ.વ.ઉ. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ માનસિક આનંદ-ઉત્સાહમાં વધારો કરનારો નીવડે. માંગલિક કાર્યમાં ધન વ્યયના યોગ છે. આ સપ્તાહ આત્મવિશ્વાસ વધારનારું અને ગુપ્ત યોજનાઓ પાર પાડવા માટે મહત્વનું બની રહે. વડીલો અને મિત્રોનો સહકાર મળે. કોર્ટ-કચેરીના કાર્યોમાં સફળતા ન મળે તેથી ધીરજ રાખવી હિતાવહ.

**મિથુન : ક.છ.ઘ. સ્વામિ - બુધ**

આ સમય દરમિયાન વ્યર્થ વાદ-વિવાદથી દૂર રહીને સ્વસ્થ ચિતે પોતાના કાર્યને વળગી રહેવું હિતાવહ. ભાવનાત્મક પીડા અનુભવાય. આ સપ્તાહ દરમિયાન આરોગ્ય બાબતે સાવધ રહેવું હિતાવહ. જીવનસાથીની તબિયત અંગે ચિંતા રહે. વડીલોથી સહકાર મળે પરંતુ ભાઈ-ભાંડુથી પરેશાની રહે.

**કર્ક : ડ.હ. સ્વામિ - ચંદ્ર**

આ સપ્તાહ દરમિયાન ઈચ્છિત કાર્યોથી સફળતા મળે. નવિન ઓળખાણો થાય. રચનાત્મક કે સામાજિક કાર્યોમાં અણધારી સફળતા પ્રાપ્ત કરી શકશો. ગુપ્ત શત્રુઓનું ષડયંત્ર પાર ન પડે પરંતુ સચેત રહેવું હિતાવહ. નાણાંકીય લાભ થાય સાથે-સાથે ખર્ચના પણ પ્રસંગો બને.

**સિંહ : મ.ટ. સ્વામિ - સૂર્ય**

આ સપ્તાહ દરમિયાન આકસ્મીક પ્રાવસ થાય અને લાભ પણ મળે. કાર્યબોજમાં વધારો થાય સાથે-સાથે નવા કાર્યક્ષેત્રો પણ વિકસાવી શકાય. નાણાંકીય ક્ષેત્રે ધીરે-ધીરે પ્રગતિ થતી જોવા મળે. જેથી થોડી રાહત મળે. તબિયત સંભાળવી હિતાવહ.

**કન્યા : પ.ઠ.ણ. સ્વામિ - બુધ**

આ સપ્તાહ દરમિયાન પારિવારીક સંઘર્ષનો ભોગ બનવાનો વખત આવે. આર્થિક ક્ષેત્રે સમસ્યારૂપ બનનાર આ સપ્તાહમાં આવક-જાવક સરભર રહે. નોકરીયાત વર્ગને ઉપરી અધિકારીની મદદ મળે. નાણાંકીય બાબતો કે જામીનગીરી અંગેની બાબતોમાં સાવચેતી જરૂરી બને.

**તુલા : ર.ત. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ દરમિયાન મિત્ર પરિવારનો સહકાર પ્રાપ્ત થાય. સામાજિક માન-પ્રતિષ્ઠામાં વધારો થાય. આરોગ્ય બાબતે સાવચેતી રાખવી હિતાવહ. વિદ્યાર્થીવર્ગે અભ્યાસમાં મહેનત કરવી જરૂરી બને. હિતશત્રુવર્ગથી સાવધ રહેવું હિતાવહ.

**વૃશ્ચિક : ન.ય. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમિયાન નવિન જવાબદારી આવી પડે પરંતુ મનની મુરાદો પૂરી થાય. સપ્તાહ દરમિયાન જોખમી કાર્યોમાં મહેનત દ્વારા સફળતા પ્રાપ્ત થાય. મકાન-જમીનને લગતા કાર્યો અટકી-અટકીને સફળ થાય. આકસ્મીક પ્રવાસ થાય. એકંદરે આ સપ્તાહ મિશ્રફળ આપનારું નીવડે. પ્રિયજનથી મિલન-મુલાકાત થાય.

**ધન : ભ.ધ.ફ.ઢ. સ્વામિ - ગુરૂ**

આ સપ્તાહ પ્રગતિપૂર્ણ રહેશે. કોર્ટ-કચેરીને લગતા કાર્યમાં સફળતા આપતું આ સપ્તાહ મહિલાવર્ગને ગૃહસ્થ જીવનમાં વિશેષ આનંદ આપશે. વ્યાપાર-ધંધામાં અણધારી સફળતા મળશે. માંગલિક કાર્યોનું આયોજન થાય. તેમજ નવિન શુભ સમાચાર મળે.

**મકર : ખ.જ. સ્વામિ - શની**

આ સપ્તાહ દરમિયાન જોખમી કાર્યમાં સફળતા મેળવી શકશો. કાર્યબોજ વિશેષ રહે. સતત પ્રવૃત રહેવાને કારણે માનસિક તનાવનો અનુભવ થાય. કૌટુંબિક રીતે આનંદ રહે. આનંદ-પ્રમોદનો પ્રસંગ બને. નવિન ખરીદી થાય. તબિયત સંભાળવી હિતાવહ.

**કુંભ : ગ.શ.ષ.સ. સ્વામિ -શની**

આ સપ્તાહ દરમિયાન અસાધારણ કીર્તિ, ધન, લાભ વગેરે પ્રાપ્ત કરી શકશો. અધ્યાત્મિક કાર્યમાં રૂચિ વધે. આ સપ્તાહ નવિન શુભ સમાચાર આપનાર નીવડે. માંગલિક કાર્યોનું આયોજન થાય. તંદુરસ્તી જળવાઈ રહે. જીવનસાથીના સહકાર દ્વારા લાભ મેળવી શકશો.

**મીન : દ.ચ.ઝ.થ. સ્વામિ - ગુરૂ**

આ સપ્તાહ દરમિયાન વ્યર્થ ક્રોધ પર કાબુ રાખવો હિતાવહ છે. વ્યર્થ ખર્ચ પર નિયંત્રણ રાખી નાણાંકીય બાબતે સાવચેત રહેવું. પારિવારીક સંબંધો દ્વારા લાભ પ્રાપ્ત કરી શકશો. તબિયતની નાની-મોટી તકલિફો રહ્યા કરે. ખાવા-પીવામાં સાવચેતી રાખવી હિતાવહ.

# રાજ્યમાં કોરોનાનું વધતું સંક્રમણ : અમદાવાદમાં વધુ છ કેસ નોંધાયા : રાજકોટ, વડોદરામાં પણ દર્દી

**● કુલ એક્ટિવ કેસની સંખ્યા ૨૩ આસપાસ : કોરોનાના કેસ વધવા મામલે ગુજરાત દેશમાં ચોથા ક્રમે ● અમદાવાદના નવરંગપુરા, સરખેજ, નારણપુરા ખાતે ત્રણ મહિલા અને ત્રણ પુરૂષ કોરોના સંક્રમિત ● સિવિલ અને સોલા સિવિલ હોસ્પિટલમાં કોરોનાના દર્દીઓ માટે વોર્ડ તૈયાર કરવામાં આવ્યા છે**



અમદાવાદ, તા.૨૫

દેશમાં કોરોનાનું સંક્રમણ વધી રહ્યું છે ત્યારે ગુજરાતમાં પણ સતત પોઝિટિવ કેસમાં વધારો જોવા મળી રહ્યો છે. ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ હેલ્થ એન્ડ ફેમિલી વેલ્ફેરના આંકડા ઉપર નજર કરીએ તો આજે કોરોનાના કેસ વધવામાં ગુજરાત દેશમાં ચોથા નંબરે છે. કાલ કરતાં આજે નવા ૧૧ કેસ સામે આવ્યા છે અને કુલ એક્ટિવ કેસની સંખ્યા ૨૪ ઉપર પહોંચી છે.

રાજકોટમાં એક મહિલાનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. દેશમાં આજે સૌથી વધુ ૩૦૦ કેસ કેરળમાં, બીજા નંબરે કર્ણાટકમાં ૧૩ કેસ, ત્રીજા નંબરે તામિલનાડુમાં ૧૨ કેસ અને ચોથા નંબરે ગુજરાતમાં ૧૧ કેસ નોંધાયા છે. કેરળમાં કોરોનાનું સંક્રમણ વધી રહ્યું છે અને હાલ કુલ એક્ટિવ કેસની સંખ્યા ૨૪૪૧ ઉપર પહોંચી છે. જ્યારે કર્ણાટકમાં કુલ એક્ટિવ કેસની સંખ્યા ૯૨, તમિલનાડુમાં કુલ એક્ટિવ કેસની સંખ્યા ૮૯ અને ગુજરાતમાં કુલ એક્ટિવ કેસની સંખ્યા ૨૩ ઉપર પહોંચી છે. મહારાષ્ટ્રમાં એક્ટિવ કેસ ૪૫ છે પણ આજનો કેસ વધવાનો આંકડો ગુજરાત કરતાં ઓછો છે. અમદાવાદમાં ગઈકાલ સુધીમાં કોરોનાના ૭ એક્ટિવ કેસ સામે આવ્યા હતા. ત્યારે આજે એક જ દિવસમાં વધુ ૬ કેસ બહાર આવ્યા છે. આ કેસો નવરંગપુરા, સરખેજ અને નારણપુરામાં નોંધાયા છે, જેમાં ત્રણ મહિલા અને ત્રણ પુરૂષ સંક્રમિત થયાં છે, આથી એક્ટિવ કેસની સંખ્યા ૧૨ પર પહોંચી છે. એક જ દિવસમાં ૬ કેસ સામે આવતાં આરોગ્ય વિભાગ એલર્ટ બન્યું છે. નવા વેરિઅન્ટ વચ્ચે કેસમાં વધારો થતાં ચિંતા વધી છે. ત્યારે રાજકોટ કોર્પોરેશને પરિસ્થિતિની ગંભીરતા ધ્યાને રાખીને એક એડવાઈઝરી જાહેર કરી છે, એમાં લોકોને બહાર જાઓ ત્યારે માસ્ક પહેરો એવો ઉલ્લેખ કર્યો છે. અમદાવાદની સોલા સિવિલ હોસ્પિટલમાં કોરોના વોર્ડ તૈયાર કરવામાં આવ્યો છે. હાલમાં અમદાવાદ ખાતેના તમામ દર્દીઓને હોમ આઈસોલેશનમાં રાખવામાં આવ્યા છે. તમામની તબિયત સ્થિર હોવાને કારણે કોઈપણ દર્દીને હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા નથી, પરંતુ જો કોઈ બનાવ બને તો હોસ્પિટલ તંત્ર તેના માટે તૈયાર છે.

સોલા સિવિલ હોસ્પિટલમાં ૨૫ બેડનો અલગથી કોરોના વોર્ડ તૈયાર કરવામાં આવ્યો છે. જેમાં વેન્ટિલેટર સહિતની સુવિધાઓ ઉપલબ્ધ છે. જરૂર જણાશે તો ઓક્સિજન પણ ઉપલબ્ધ થાય તે રીતની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આ ઉપરાંત જરૂરી દવાઓનો પણ સ્ટોક કરી દેવામાં આવ્યો છે. ગાંધીનગર જિલ્લામાં સતત ત્રીજા દિવસે કોરોના પોઝિટિવ કેસ નોંધાયા હતો. વાવોલમાં રહેતા ૮ વર્ષીય બાળકનો કોરોના પોઝિટિવ રિપોર્ટ આવતાં હોમ આઈસોલેશન કરવામાં આવ્યો હતો. જે બાળકનો કોરોના પોઝિટિવ રિપોર્ટ આવ્યો છે તે દક્ષિણ ભારતના પ્રવાસેથી પરત ફર્યો હોવાનું સામે આવ્યું છે. ત્રણ દિવસમાં ગાંધીનગરમાં કોરોનાના પાંચ પોઝિટિવ કેસ નોંધાતાં આરોગ્યતંત્રમાં દોડધામ મચી છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગના વડા ડો.ભાવિન સોલંકીએ જણાવ્યું હતું કે, આજે અમદાવાદમાં વધુ ૬ કેસ જોવા મળ્યા છે, જેમાં ત્રણ દર્દીની ટ્રાવેલ હિસ્ટ્રી છે. તમામ દર્દીઓ હોમ આઈસોલેટમાં છે. દર્દીઓની ઉંમર ૨૫થી ૬૦ વર્ષની છે. હાલમાં એક દર્દીનો હોમ ક્વોરન્ટાઈન પિરિયડ પૂર્ણ થયો છે. અમદાવાદમાં ૧૨ એક્ટિવ કેસ છે. નવા ૬ કેસમાંથી ૪ બૂસ્ટર ડોઝ, બે દર્દીએ બે ડોઝ લીધા છે. રાજ્યમાં વિવિધ શહેરોમાં કોરોનાની એન્ટ્રી થઈ છે. ગાંધીનગર, અમદાવાદ બાદ રાજકોટમાં પણ કોરોનાનો કેસ નોંધાયો છે. મળતા અહેવાલ પ્રમાણે રાજકોટના અક્ષરમાર્ગ પર રહેતી બાવન વર્ષીય મહિલાને કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. મહિલાની કોઈ ટ્રાવેલ હિસ્ટ્રી નથી તેમ છતાં રિપોર્ટ પોઝિટિવ આવતાં ફફડાટ ફેલાયો છે.

## ગુજરાતમાં અત્યાર સુધીમાં કુલ ૪૦.૭૭ લાખ હેક્ટરમાં થયું રવિ પાકોનું વાવેતર : સૌથી વધુ ૧૦.૭૩ લાખ હેક્ટરમાં ઘઉં પાકનું વાવેતર

ગાંધીનગર, તા.૨૫

સમગ્ર રાજ્યમાં રવિ પાકોનું વાવેતર લગભગ પૂર્ણ થવા આવ્યું છે. ગુજરાતના ખેડૂતોને ગત વર્ષે રવિ પાકના રેકોર્ડ બ્રેક ભાવ મળ્યા હતા. એટલા માટે જ રાજ્યમાં હાલની સ્થિતિએ રવિ પાકોનું પુષ્કળ પ્રમાણમાં વાવેતર થયું છે. ગુજરાતમાં અત્યાર સુધીમાં કુલ ૪૦.૭૭ લાખ હેક્ટર વિસ્તારમાં રવિ પાકોનું વાવેતર થયું છે. રાજ્યના ખેડૂતો માટે આ વર્ષ પણ ખૂબ જ લાભદાયી નીવડશે, તેમ કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું. વધુ વિગતો આપતા કૃષિ મંત્રીએ કહ્યું કે, જીરાના ઉત્પાદનમાં ગુજરાત દેશમાં પ્રથમ છે અને દર વર્ષે ખરીફ ઋતુ દરમ્યાન રાજ્યમાં જીરાનું સૌથી વધારે વાવેતર થાય છે. ગત વર્ષે જીરાના રેકોર્ડ બ્રેક ભાવ મળતા આ વર્ષે રાજ્યમાં જીરાનું વાવેતર ગત વર્ષની સરખામણીએ બમણું થયું છે. ગત વર્ષે ગુજરાતમાં ૨.૬૧ લાખ હેક્ટર વિસ્તારમાં જીરાનું વાવેતર થયું હતું, જેની સામે ચાલુ વર્ષે અત્યાર સુધીમાં કુલ ૫.૩૦ લાખ હેક્ટર વિસ્તારમાં જીરાનું વાવેતર થયું છે. એટલે કે ચાલુ વર્ષે જીરાના વાવેતરમાં ૨૦૨.૫૮ ટકા જેટલો વધારો નોંધાયો છે. મંત્રી પટેલે વધુમાં જણાવ્યું હતું કે, રાજ્યમાં ધાન્ય પાકોમાં ઘઉં પાકનું સૌથી વધુ વાવેતર કરવામાં આવ્યું છે. ગુજરાતમાં અત્યાર સુધીમાં કુલ ૧૦.૭૩ લાખ હેક્ટરમાં ઘઉંનું વાવેતર નોંધાયું છે. કઠોળ પાકોમાં ચણાનું સૌથી વધુ વાવેતર થયું છે. રાજ્યમાં આ વર્ષે કુલ ૫.૬૪ લાખ હેક્ટર જમીનમાં ચણાનું વાવેતર થયું છે. જ્યારે તેલીબિયાં પાકોમાં



સૌથી વધુ રાઈનું કુલ ૨.૬૪ લાખ હેક્ટર વિસ્તારમાં વાવેતર નોંધાયું છે. મંત્રીએ ઉમેર્યું કે, રવિ પાકોનું સૌરાષ્ટ્ર ઝોનના જિલ્લામાં સૌથી વધુ વાવેતર થયું છે. સૌરાષ્ટ્ર ઝોનના જિલ્લાઓમાં કુલ ૧૬.૦૩ લાખ હેક્ટરમાં રવિ પાકોનું વાવેતર થયું છે, જેમાં જીરાનું વાવેતર મહત્તમ નોંધાયું છે. કચ્છ અને ઉત્તર ગુજરાત ઝોનના જિલ્લાઓમાં ૧૩.૭૦ લાખ હેક્ટરમાં, મધ્ય ગુજરાત ઝોનના જિલ્લાઓમાં ૭.૯૪ લાખ હેક્ટરમાં અને દક્ષિણ ગુજરાત ઝોનના જિલ્લાઓમાં ૩.૧૦ લાખ હેક્ટરમાં રવિ પાકોનું વાવેતર નોંધાયેલ છે. રવિ ઋતુમાં હાલની સ્થિતિએ કૃષિ પાકોનું વાવેતર સંતોષકારક રીતે થયું છે, તેમજ સમગ્ર રાજ્યમાં પાકની પરિસ્થિતિ પણ એકંદરે સારી છે, તેમ મંત્રીએ જણાવ્યું હતું.

## ભારતનું ત્રિમાસિક દેવું અધધધ... રૂા. ૨૦૫ લાખ કરોડને આંબી ગયુ

નવી દિલ્હી, તા.૨૫

હાલમાં ભારત ભલે દુનિયામાં સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર છે પણ શું તમને ખ્યાલ છે કે, ભારત ઉપર કેટલું દેવું છે ? ભારત ઉપર દેવું વધતું જઈ રહ્યું છે. એક રિપોર્ટમાં દાવો કરાયો હતો કે દેશ ઉપર ચાલુ નાણાકીય વર્ષ જુલાઈ-સપ્ટેમ્બર ત્રિમાસિકમાં કુલ દેવું વધીને ૨.૪૭ ટ્રિલિયન ડોલર એટલે કે ૨૦૫ લાખ કરોડને આંબી ગયું છે.

આ સૌની વચ્ચે ડોલરની કિંમતમાં આવેલો ઉછાળો પણ આ દેવું વધવાનાં કારણોમાં સામેલ છે. એક અહેવાલ મુજબ અગાઉ ગત નાણાકીય વર્ષના જાન્યુઆરી-માર્ચ ત્રિમાસિકમાં કુલ દેવું ૨.૩૪ ટ્રિલિયન ડોલર એટલે કે ૨૦૦ લાખ કરોડ રૂા. હતું. ઈન્ડિયાબોન્ડ્સ ડોટ કોમના સહ- સંસ્થાપક વિશાલ ગોયનકાએ આરબીઆઈના આંકડાનો હવાલો આપતાં કેન્દ્ર અને રાજ્યો ઉપર દેવાના આંકડા રજૂ કર્યા હતા. તેમણે કહ્યું કે, કેન્દ્ર સરકાર ઉપર દેવું સપ્ટેમ્બર ત્રિમાસિકમાં ૧૬૧.૧ લાખ કરોડ રૂપિયા થઈ ગયું જે માર્ચ ત્રિમાસિકમાં ૧૫૦.૪ લાખ કરોડ રૂપિયા હતું. રાજ્ય સરકારોના કુલ દેવામાં ભાગીદારી ૫૦.૧૮ લાખ કરોડ રૂપિયા હોય છે. ઉલ્લેખનીય છે કે, આ સમયગાળા દરમ્યાન અમેરિકી ડોલરની કિંમત વધવાની અસર પણ દેવાના આ આંકડા ઉપર દેખાઈ રહી છે. ઉદાહરણ તરીકે માર્ચ ૨૦૨૩માં એક ડોલરની કિંમત ૮૨.૫૪૪૧ રૂપિયા જેટલી હતી. જો કે, તે હવે વધીને ૮૩.૧૫૨૫૦૬ રૂપિયા ઉપર પહોંચી ગઈ છે. આ સાથે રિપોર્ટમાં રાજકોષીય ખર્ચની વિગતો આપવામાં આવી હતી જે ૯.૨૫ લાખ કરોડ જેટલો થાય છે. તે કુલ દેવાનો ૪.૫૧ ટકા છે. આ ઉપરાંત ચાલુ નાણાકીય વર્ષની બીજી ત્રિમાસિકમાં કુલ દેવામાં કોર્પોરેટ બોન્ડની ભાગીદારી ૨૧.૫૨ ટકા હતી જે ૪૪.૧૬ લાખ કરોડ રૂપિયા થાય છે. આ પહેલા ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (આઈએમએફ)એ પણ વધતા જતાં દેવાને અંગે ભારતને ચેતવણી આપી હતી. વૈશ્વિક સંસ્થાએ કહ્યું છે કે, કેન્દ્ર અને રાજ્યો સહિત ભારતનું સામાન્ય સરકારી દેવું મધ્યમ ગાળામાં કુલ સ્થાનિક ઉત્પાદનના ૧૦૦ ટકાથી ઉપર પહોંચી શકે છે.

## સરકારી કોલેજોમાં સેનેટરી નેપકિન મશીનો ગોઠવવા તેલંગાણા હાઈકોર્ટનો આદેશ

હૈદરાબાદ, તા.૨૫

તેલંગાણા હાઈકોર્ટે તાજેતરમાં રાજ્ય સરકારને તાત્કાલિક પગલાં લેવા અને રાજ્યભરની દરેક સરકારી જુનિયર કોલેજમાં ઓછામાં ઓછું એક સેનેટરી નેપકિન ડિસ્પેન્સિસગ મશીન સ્થાપિત કરવા માટે આદેશ જારી કર્યો છે. ચીફ જસ્ટિસ આલોક આરાધે અને જસ્ટિસ અનિલકુમાર જુકાંતીની આગેવાની હેઠળની બેન્ચે એક પીઆઈએલ અરજીની સુનાવણી દરમ્યાન આ આદેશ આપ્યો હતો. અદાલતે આ બાબતની તાકીદ ઉપર ભાર મૂક્યો, સરકારને આગામી ત્રણ મહિનામાં અનુપાલન અહેવાલ દાખલ કરે. સુનાવણી દરમ્યાન અસંતોષ વ્યક્ત કરતા ચીફ જસ્ટિસ આલોક આરાધેએ સરકારમાંના ફેરફાર જેવું અપૂરતું કારણ દર્શાવીને હાઈકોર્ટના અગાઉના આદેશોનું પાલન ન કરવા બદલ રાજ્ય સરકારની ટીકા કરી હતી. વિવિધ અરજીઓમાં સરકારી વકીલો અને વિશેષ સરકારી વકીલોએ સરકારના નેતૃત્વમાં તાજેતરના ફેરફારોને કારણે ઊભી થતી મુશ્કેલીઓને ટાંકીને હાઈકોર્ટના નિર્દેશોના અમલ માટે વધારાનો સમય માંગ્યો હતો. પીઆઈએલ અરજીની સુનાવણી દરમ્યાન મુખ્ય ન્યાયાધીશ આરાધેએ સરકારી જુનિયર કોલેજોમાં શૌચાલય નિર્માણની પ્રગતિ વિશે પૂછપરછ કરી હતી. સરકારી વકીલે જવાબ આપ્યો, સરકારમાં તાજેતરના ફેરફારને કારણે વધુ સમયની વિનંતી કરી. સ્પષ્ટતાથી પ્રભાવિત થયા વિના મુખ્ય ન્યાયાધીશે ટિપ્પણી કરી, સરકારી જુનિયર કોલેજોમાં શૌચાલયોના નિર્માણને સરકારમાં પરિવર્તન સાથે કોઈ લેવા-દેવા નથી.

## આ દવા તમારા બાળક માટે ઝેર છે, ગળામાં બળતરા કે શરદી માટે ભૂલથી પણ આપશો નહીં; સરકારે તેના ઉપર પ્રતિબંધ મૂક્યો છે

નવી દિલ્હી, તા.૨૫

ઘણીવાર આપણે તે જાણ્યા વિના કે તે યોગ્ય છે કે નહીં આ દવાનો ઉપયોગ આપણા બાળકો માટે શરદી અને ઉધરસ માટે કરીએ છીએ. સરકારે ચાર વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે કેટલીક દવાઓનો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ મૂક્યો છે. આ દવા તમારા બાળકો માટે દવા કરતાં વધુ ઝેર છે. દેશની સૌથી મોટી હેલ્થ રેગ્યુલેટરી એજન્સી સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન (CDSCO)એ એક મહત્વનો નિર્ણય લીધો છે. એવું નક્કી કરવામાં આવ્યું છે કે કેટલીક પ્રખ્યાત એન્ટી-કોલ્ડ કોકટેલ દવાઓનો ઉપયોગ ચાર વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે કરવામાં આવશે નહીં. ગ્લેક્સોસ્મિથક્લાઈનના ટી-મિનિક ઓરલ ડ્રોપ્સ, ગ્લેનમાર્કના એસ્કોરિલ ફ્લુ સિરપ અને IPCA લેબોરેટરીઝના સોલ્વિન કોલ્ડ સિરપ સહિત સમાન સિરપ બનાવતી ફાર્મા કંપનીઓને નિયમનકારે દવાની બોટલ ઉપર ચેતવણી મૂકવા જણાવ્યું છે. નિષ્ણાતોએ કહ્યું છે કે ઘણા માતાપિતા તેનો ઉપયોગ કરે છે જે ન કરવું જોઈએ. આ દવા શરદી અને ફ્લૂના લક્ષણો જેમ કે નબળાઈ, તાવ, વહેતી આંખો અને નાક, છીંક અને નાક અથવા ગળામાં ખંજવાળમાં મદદ કરે છે. ક્લોરફેનિરામાઈન મેલેટ એન્ટિ-એલર્જિક તરીકે કામ કરે છે, જ્યારે ફેનીલેફ્રાઈન ડીકોન્જેસ્ટન્ટ તરીકે કામ કરે છે અને નાની રક્તવાહિનીઓને ફેલાવવાનું અને નાક ખોલવાનું કામ કરે છે. આ મિશ્રણને અતાર્કિક કહેવામાં આવતું હતું પરંતુ સરકારી સમિતિએ તેને મંજૂરી આપી હતી. ક્લોરફેનિરામાઈન મેલેટ IP 2 mg +ફેનિલેફરીન HCl IP 5 mg પ્રતિ મિલીના FDCને કોચેટ સમિતિ દ્વારા તર્કસંગત જાહેર કરવામાં આવ્યું હતું અને સમિતિની ભલામણના આધારે તેના ઉપરનો ઓબ્જેક્શન સર્ટિફિકેટ (NOC) જારી કરવામાં આવ્યું હતું એક પત્રમાં જણાવ્યું



હતું. જો કે બાદમાં શિશુઓ અને બાળકોમાં આ મિશ્રણના ઉપયોગ સામે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. પત્રમાં જણાવવામાં આવ્યું હતું કે ૬ જૂને નિષ્ણાત સમિતિમાં આ મુદ્દા ઉપર ચર્ચા કરવામાં આવી હતી. સમિતિએ ભલામણ કરી છે કે આ ફિક્સ્ડડોઝ સંયોજનનો ઉપયોગ ચાર વર્ષથી ઓછી ઉંમરના બાળકોમાં થવો જોઈએ નહીં અને આ અંગેની ચેતવણી લેબલ અને પેકેજ દાખલમાં સામેલ કરવી જોઈએ. બાળકો માટે સંયુક્ત દવાઓના મિશ્રણને બંધ કરવાની પ્રથા યુનાઈટેડ સ્ટેટ્સ અને યુરોપિયન યુનિયન જેવા વિકસિત દેશો દ્વારા ઓછામાં ઓછા દસ વર્ષ પહેલાં અપનાવવામાં આવી હતી. અન્ય એક ડાક્ટરે શેર કર્યું કે યુનાઈટેડ સ્ટેટ્સમાં એક અભ્યાસ દર્શાવે છે કે તેમની ડ્રગ રેગ્યુલેટરી એજન્સીએ ૨૦૦૭માં ૬ વર્ષથી ઓછી ઉંમરના બાળકોમાં ઉધરસ અને શરદીની દવાઓના ઉપયોગ ઉપર સંપૂર્ણપણે પ્રતિબંધ મૂક્યો હતો. યુનાઈટેડ સ્ટેટ્સના ડેટા દર્શાવે છે કે દર વર્ષે આશરે ૭,૦૦૦ બાળકોને કફની દવાઓની આડઅસરો માટે કટોકટીના રૂપમાં સારવાર આપવામાં આવે છે.

## સંસદમાં અત્યાર સુધીના સૌથી વધુ સાંસદોના સસ્પેન્શન પછી સંસદમાં ઈન્ડિયા બ્લોકના માત્ર ૯૩ સાંસદો જ રહ્યા

**INDIA બ્લોકના લોકસભાના ૧૩૯ સાંસદોમાંથી અત્યાર સુધીમાં ૯૬ને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે, જ્યારે રાજ્યસભામાં તેના ૯૬ સાંસદોમાંથી ૪૬ને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે**

નવી દિલ્હી તા.૨૫

નવી દિલ્હીમાં બુધવાર, ૨૦ ડિસેમ્બર, ૨૦૨૩ સંસદના શિયાળુ સત્ર દરમ્યાન સંસદમાંથી સાંસદોના સસ્પેન્શનની શ્રેણી પછી લોકસભા અને રાજ્યસભામાં વિપક્ષની સંખ્યા નોંધપાત્ર રીતે ઓછી થઈ ગઈ છે. બંને ગૃહોના કુલ ૧૪૩ સાંસદોને શિયાળુ સત્રના બાકીના સમય માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. તેઓને ૧૩ ડિસેમ્બરના સંસદની સુરક્ષા ભંગ અંગે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહના નિવેદનની તેમની માંગને લઈને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે અને સંસદના સત્રમાં આ અત્યાર સુધીનું સૌથી વધુ સભ્યોનું સસ્પેન્શન છે. સત્તાધારી ભાજપે ગુનાહિત કાયદાઓમાં સુધારો કરવા માંગતા ત્રણ બિલોને વિચારણા માટે લેવા અને પસાર કરવા અને કેન્દ્રીય ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (બીજો સુધારો) બિલ અને નેશનલ કેપિટલને પસાર કરવા સહિત સસ્પેન્શન છતાં કાયદાકીય કામકાજ ચાલુ રાખ્યું છે. કુલ ૧૪૩ સસ્પેન્ડ કરાયેલા સાંસદોમાંથી ૯૭ લોકસભાના અને ૪૬ રાજ્યસભાના છે, જેમાં BSPના લોકસભા સભ્ય દાનિશ અલી સિવાય વિપક્ષી ઈન્ડિયા જૂથના સભ્યોનો સમાવેશ થાય છે. લોકસભામાં કુલ ૧૩૯ ઈન્ડિયા બ્લોકના સાંસદોમાંથી, માત્ર ૪૩ હજુ પણ લોકસભામાં બાકી રહ્યા છે - જેમાં કોંગ્રેસના ૧૦, તૃણમૂલ કોંગ્રેસ (TMC)ના ૯ અને DMKના ૮ સાંસદો છે. જેમને સસ્પેન્ડ કરવામાં આવ્યા નથી, તેમાં પાર્ટીના પૂર્વ પ્રમુખો સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીનો સમાવેશ થાય છે. સસ્પેન્ડ ન કરાયેલા કોંગ્રેસના ૧૦ સાંસદોમાં પ્રનીત કૌર પણ છે, જેઓ સત્તાવાર રીતે હજુ પણ પાર્ટીના સભ્ય છે પરંતુ તેમને પાર્ટી વિરોધી પ્રવૃત્તિઓ માટે પાર્ટીમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. કોંગ્રેસ પછી, DMK, TMC અને JD(U)ને અનુક્રમે ૧૬, ૧૩ અને ૧૧ પર સૌથી વધુ સસ્પેન્શનનો સામનો કરવો પડ્યો છે. અન્ય નોંધપાત્ર નેતાઓમાં જેમને સસ્પેન્ડ કરવામાં આવ્યા નથી તેમાં ટીએમસીના મહાસચિવ અભિષેક બેનરજીનો પણ સમાવેશ થાય છે. ઉપલા ગૃહમાં ભારતના ૯૬ બ્લોકના સાંસદોમાંથી ૫૦ને સસ્પેન્ડ કરવામાં આવ્યા નથી, જેમાં કોંગ્રેસના ૧૧, AAPના ૧૦ અને TMC, RJD અને DMKના ૫-૫ સાંસદોનો સમાવેશ થાય છે. રાજ્યસભામાં પણ કોંગ્રેસ ૩૦ સાંસદો સાથે સૌથી મોટી પાર્ટી છે જેમાંથી ૧૯ને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. TMCના ૧૩ સાંસદોમાંથી આઠ અને DMKના ૧૦ સાંસદોમાંથી પાંચને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. જો કે, ઘણા વરિષ્ઠ કોંગ્રેસ નેતાઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા નથી, જેમાં પાર્ટી અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહ, પૂર્વ કેન્દ્રીય નાણાપ્રધાન પી ચિદમ્બરમ અને મધ્ય પ્રદેશના પૂર્વ મુખ્યપ્રધાન દિગ્વિજય સિંહનો સમાવેશ થાય છે. ઉપલા ગૃહમાં બાકી રહેલા અન્ય ઈન્ડિયા બ્લોક પક્ષોના કેટલાક નેતાઓમાં એનસીપી સુપ્રીમો શરદપવાર, ઝારખંડ મુક્તિ મોરચાના પ્રમુખ શિબુ સોરેન, આપ નેતા રાઘવ ચઢ્ઢા, આરજેડી નેતા મીસા ભારતી, આરએલડીના વડા જયંત ચૌધરી અને સંજય રાઉત શિવસેના (યુબીટી)નો સમાવેશ થાય છે.

## ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં ખેડૂતોને દિવસે પણ વીજળી મળશે : મુખ્યમંત્રી

અમદાવાદ, તા.૨૫

રાજ્યના ખેડૂતો માટે ખુશ ખબર છે. હવે ખેડૂતોને રાતના સમયે પીયત માટે નહીં થવું પડે હેરાન. રાતે ઉજાગરા કરી ખેડૂતોને પીયત નહીં કરવું પડે. જી હા હવે રાજ્યના તમામ ખેડૂતોને રાતના બદલે દિવસે વીજળી મળશે. ખેડૂતોની છેલ્લા ઘણા સમયથી દિવસે વીજળી આપવાની માગને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ટેકો આપ્યો છે અને એક જ વર્ષમાં તમામ ખેડૂતોને દિવસે વીજળી મળી રહે તેવી મોટી જાહેરાત કરી છે. અરવલ્લીના મોડાસાની મુલાકાતે પહોંચેલા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ખેડૂતલક્ષી જાહેરાત કરી અને કહ્યું કે એક જ વર્ષમાં રાજ્યના તમામ ખેડૂતોને દિવસે વીજળી મળશે. ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં ખેડૂતોને દિવસે વીજળી આપવાનું મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વચન આપ્યું છે. રાજ્યમાં છેલ્લા ઘણા સમયથી ખેડૂતોને રાત્રિના સમયે પિયત માટે વીજળી આપવામાં આવ છે જેના કારણે ખેડૂતોને અનેક સમસ્યાઓનો સામનો કરવો પડે છે. ખાસ કરીને રાત્રિના સમયે વીજળી આપવામાં આવતી હોવાના કારણે ખેડૂતોને ઝેરી જીવજંતુઓ તેમજ વારંવાર લાઈટ ટીપ ટાપ થતી હોવાના કારણે ખેડૂતોને અનેક સમસ્યાઓનો સામનો કરવો પડતો હતો. તે ઉપરાંત રાત્રિના સમયે લાઈટના કારણે ખેડૂતોને પિયત માટે પણ હાલાકી ભોગવી પડતી હતી. પરંતુ મુખ્યમંત્રીની આ જાહેરાતથી બનાસકાંઠાના ખેડૂતોમાં ખુશી જોવા મળી રહી છે. ખેડૂતો દ્વારા રાજ્ય સરકારમાં અનેકવાર રજૂઆતો કરવામાં આવી હતી જેને લઈ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા મહત્વની જાહેરાત કરવામાં આવી હતી

## મિમિક્રી એક કળા, ઉપરાષ્ટ્રપતિનું અપમાન કરવાનો ઈરાદો ન હતો : કલ્યાણ બેનરજી

નવી દિલ્હી તા.૨૫

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડેને અપમાનિત કરવાના મુદ્દે રાજકારણ ગરમાયું છે. હવે ટીએમસી નેતા કલ્યાણ બેનરજીએ ઉપરાષ્ટ્રપતિ ધનખડેની નકલ કરવા ઉપર સ્પષ્ટતા આપી છે. કલ્યાણ મુખર્જીએ કહ્યું કે, મને ઉપરાષ્ટ્રપતિ માટે ઘણું સન્માન છે. મિમિક્રી એ એક કળા છે. પીએમે મિમિક્રી પણ કરી હતી. મારો ઈરાદો દુઃખ પહોંચાડવાનો ન હતો. માફી માંગવાના સવાલ ઉપર તેમણે 'ના' કહ્યું છે. તેમણે કહ્યું મેં કંઈ ખોટું નથી કર્યું હું શા માટે માફી માંગુ ?

# શું અરબ સાગરમાં બે દિવસ પહેલા ભારત આવતા તેલ વાહક જહાજ ઉપર થયેલ ડ્રોન હુમલો આંતરરાષ્ટ્રીય ફલક ઉપર આપણી ભૂમિકા સ્પષ્ટ કરવાની ચેતવણી સ્વરૂપ છે ?!!!!




(સુરેશચંદ્ર એમ. ધોકાઈ દ્વારા)

દ્વારકા તા.૨૫

ગત તારીખ ૨૩-૧૨-૨૩નાં સવારે સાઉદી અરેબિયાથી કાચા તેલ ક્રુડનો જથ્થોમેન્ગ્લુરૂ રીફાઈનરી માટે લઈને ભારત આવતા તેલ વાહક જાહજ "કેમપ્લુટો" નામની શીપ ઉપર વેરાવળથી ૩૭૭ નોટીકલ માઈલ દુર અરબ સાગરમાં ભારતીય એક્સ્કલુંઝીવ ઈકોનોમિક ઝોન બહાર અજાણ્યા ડ્રોન દ્વારા હુમલો કરવામાં આવેલ છે. જે સામાન્ય જણાતી ઘટનાનાં ગર્ભમાં ગત માસે કાર્ગો શીપ "ગેલેક્ષીલીડર"તુર્કીથી ભારત આવતા જાહજને હાઈજેક કરવામાં આવેલ. જેના કારણોમાં 'યમનનાં હુતી બળવાખોરો' દ્વારા આ જાહજને ઈઝરાઈલનું સમજી હાઈજેક કરવામાં આવ્યાનું જાહેર કરવામાં આવેલ. જે હકીકત અને આ ડ્રોન હુમલાની ઘટના સાથે આજ "યમનનાં હુતી બળવાખોરો"તરફ શંકા સેવવામાં આવી રહેલ છે અને દેશનાં વિદેશ મંત્રાલય દ્વારા આ ઘટનાનો તીવ્ર પ્રતિકાર આપવામાં આવેલ છે. ત્યારે આ ઘટના આપણા માટે આવનારા દીવસો માટે "આંતરરાષ્ટ્રીય ફલક ઉપર આપણી ભૂમિકા સ્પષ્ટ કરવાની ચેતવાણીસ્વરૂપ હોવાની શક્યતા નકારી શકાતી નથી.

**ઈઝરાઈલ-હમાસ વચ્ચેના યુદ્ધમાં આપણી અસ્પષ્ટભૂમિકા વચ્ચે હવેની સ્પષ્ટ ભૂમિકા ભજવવાની શું કસોટી ?**

ઈઝરાઈલ-હમાસ વચ્ચે છેલ્લા બે માસથી ચાલતા યુદ્ધ દરમ્યાન ભારતનું ઈઝરાઈલને સ્પષ્ટ સમર્થન અને હમાસને આંતરરાષ્ટ્રીય આંતકવાદી જાહેર ન કરવાની અસ્પષ્ટ ભૂમિકા અને આ યુદ્ધ ફક્ત ઈઝરાઈલ-હમાસ વચ્ચેનાં રહેતા આંતરરાષ્ટ્રીય બનવા તરફ જઈ રહ્યું છે. ત્યારે આંતરરાષ્ટ્રીય ક્ષેત્ર ગોઠવાતા ચોકઠામાં આપણો વિકાસ આર્થિક સધ્ધારતા અને દુનિયાનાં દેશો સાથેનાં વિકસેલા સંબંધોની નોંધ દરેક ક્ષેત્ર ઉપર લેવાતી હોય તેમ અહીં પણ આપણી ભૂમિકાની નોંધ લેવામાં આવી હોય અને આવનારા દિવસોમાં દુનિયાની રાજકીય અને જમીની ભૂગોળ(જીયોલોજીકલ) પણ નવો આકાર લઈ રહી છે. ત્યારે આપણી ભૂમિકા કાંઈક ફેરફારો લાવી શકે તેમ છે. ત્યારે આ પરિસ્થિતિ ગભરાયેલા આંતરરાષ્ટ્રીય આંતકવાદીઓ "યમનનાં હુતી" આંતકવાદી ઉર્ફે બળવાખોરોને આગળ કરી રહ્યા છે અને છેલ્લા એક માસથી રેડ-સી અને મિડલ ઈસ્ટમાં પોતાનો આંતક મચાવી દુનિયાને પોતાની તાકાતનો પરિચય અન્યોને સહારે આપી રહ્યા છે. ત્યારે આ ઘટના આપણા માટે સામાન્ય નહિ પણ પડકાર રૂપ બની રહેશે તેમાં કોઈ શંકાના સ્થાન નથી.

**અસરગ્રસ્ત જાહજ "કેમોપ્લુટો" મુંબઈ બંદર તરફ આવવા રવાના શું દર્શાવે છે ?**

સાઉદી અરેબિયાથી ભારતીય ઓઈલ રીફાઈનરી કંપની "મેંગલોરરીફાઈનરી" માટે કાચા ક્રુડ ઓઈલ(તેલ)નો જથ્થો લઈને નીકળેલા અને મેન્ગ્લુરૂ બંદર જતા ઓઈલ વાહક જાહજ "કેમ-પ્લુટો" ઉપર ગત તારીખ ૨૩-૧૨-૨૩નાં સવારે ૧૦ કલાકે આંતરરાષ્ટ્રીય જળ સીમામાં ડ્રોન હુમાલો કરવામાં આવેલ જે સમય તે અમેરિકાનાં સંપર્કમાં હતું. જે જાહજની માલિકી જાપાન દેશની છે જે આફ્રિકન દેશ "લાઈબીરીયા"માં રજીસ્ટર હોય તેના ફલેગ નીચે પરિવહન કરતું હતું અને તેમાં ૨૦ ભારતીય નાવિકો સવાર હતા. જે હુમલાને કારણે તેમાં અગ લાગતા કચ્છનાં અખાતમાં પેટ્રોલિંગ કરી રહેલ ભારતીય તટ રક્ષક દલ(કોસ્ટગાર્ડ)નાં જાહજ આઈ.સી.જી.એસ. વિક્રમને મદદ માટે મોકલવામાં આવ્યા બાદ શીપને આંશિક નુકશાન થયું છે અને તેને મુંબઈ બંદર ઉપર લાવાવામાં આવી રહ્યું છે. જે અહીં આવ્યા બાદ કાંઈક કેટલીય ચોંકાવનારી હકીકતો દુનિયાની જાણમાં આવશે તે નકારી શકાય તેમ નથી.

**અરબ સાગરમાં ભારતીય એક્શ્કલુંઝીવ ઇકોનોમિક ઝોન બહાર હુમલો અને આંતરરાષ્ટ્રીય રાજકારણ શરૂ**

અરબ સાગરમાં ભારતીય એક્શ્કલુંઝીવ ઈકોનોમિક ઝોન બહાર હુમલો અને આંતરરાષ્ટ્રીય રાજકારણ શરૂ થયું હોય તેમ આંતરરાષ્ટ્રીય જળ સીમામાં ડ્રોન હુમાલો કરવામાં આવેલ. જાહજ અમેરિકાનાં સંપર્કમાં હતું અને તેમના દ્વારા આ હુમલો ઈરાન દ્વારા કરવામાં આવ્યાનું જણાવવામાં આવે છે. ત્યારે ઈરાનનાં ડેપ્યુટી વિદેશ મંત્રી અલી બધેરી દ્વારા આરોપોને નકારવાના બદલે યમનનાં હુતી આંતકવાદીઓ (બળવાખોરો-વિદ્રોહીઓ) પાસે પોતાના હથીયારો છે અને તે પોતાના નિર્ણયો પોતાની રીતે લે છે તેવું જણાવી આ ઘટાનામાં પોતાની ભૂમિકાનાં બદલે યમનનાં હુતી બળવાખોરોની હોવાનો આડકતરો નિર્દેશ આપ્યો છે અને તેમના દ્વારા અવાર-નવાર રેડસીમાં આ પ્રકારનાં હુમલા કરવામાં આવે છે. ત્યારે હવે આ પ્રશ્ને આંતરરાષ્ટ્રીય રાજકારણ શરૂ થયું છે અને તેનું કારણ ફક્ત અને ફકત હાલનાં ઈઝરાઈલ-હમાસ વચ્ચેનાં યુદ્ધમાં આપણી ભૂમિકા સ્પષ્ટ કરવા માટેનો એક આંતરરાષ્ટ્રીય રાજકારણનો ભાગ હોવાનું પણ નકારી શકાતુ નથી.

**અમેરિકાની આ ઘાટનામાં અસ્પષ્ટ ભૂમિકા ?!!!**

અમેરિકા દ્વારા આ ઘટના બન્યા બાદ અને ઈરાન દ્વારા આ ઘટનામાં પોતાની ભૂમિકાનાં બદલે યમનનાં હુતી બળવાખોરોની હોવાની જાહેરાત બાદ અમેરિકા દ્વારા આ પહેલા નીકાર્ગો શીપ "ગેલેક્ષીલીડર"તુર્કીથી ભારત આવતા જાહજને હાઈજેક કરવામાં આવેલ જણાવી આપણા ઉપર દબાણ લાવવામાં આવી રહ્યાનું પણ નકારી શકાતું નથી. હકીકતમાં થોડા દિવસો પહેલા બહાર આવેલ હકીકતો પ્રમાણે પાકિસ્તાનનાં બલુચિસ્તાન પ્રાંતમાં પાકિસ્તાન દ્વારા અમેરિકાને એર બેઝ આપવામાં આવ્યાનું બહાર આવ્યા બાદ આવનારા દિવસોમાં દુનિયાની બે મહાસતા અમેરિકા અને રશિયા જે આપણાથી દુર હતા તેમાં હવે અમેરિકાને પાડોશી તરીકે સ્વીકારવાની ફરજ પડેલ છે. ત્યારે હવે આપણી ભૂમિકા આંતરરાષ્ટ્રીય રાજકારણમાં નોન-એલાઈન્સ બની રહેવાના બદલે એલાઈન્સ રહેવા માટે ચેતવણી સમાન બની ગયાનું નકારી શકાતું નથી. ત્યારે આ ઘટના આપણા માટે બોધ પાઠ રૂપ પણ બની રહેલ હોવાનું નકારી શકાતું નથી.

### રાજયના કેટલાક વિસ્તારમાં વરસાદની શક્યતા છે

# ગુજરાતીઓનો પ્રિય તહેવાર ઉત્તરાયણ બગડે તેવી આગાહી

## ૭, ૮ અને ૯ દ. ગુજરાત-સૌરાષ્ટ્રમાં વરસાદની શક્યતા ૧૨થી ૧૪ સુધી કચ્છના ભાગમાં વરસાદ વરસી શકે છે

જૂનાગઢ તા.૨૫

છેલ્લા કેટલાક સમયથી ગુજરાતના વાતાવરણમાં અનેક પલટા આવ્યા છે. દિવાળીથી લઈને ડિસેમ્બર સુધીના અનેક તહેવારોમાં વરસાદી અસર જોવા મળી હતી. ત્યારે હવે ગુજરાતીઓનો પ્રિય તહેવાર ઉત્તરાયણ પણ બગડે તેવી આગાહી કરવામાં આવી છે. આગાહી મુજબ, ઉત્તરાયણના દિવસે રાજ્યના કેટલાક ભાગમાં વરસાદની શક્યતા છે.

વર્ષનો સૌથી પહેલો તહેવાર બગડવાના એંધાણ છે તેવી આગાહી કરાઈ છે. ઉતરાયણના દિવસે રાજ્યના કેટલાક ભાગમાં વરસાદની શક્યતા છે. ૧૪મી જાન્યુઆરીએ વાદળો રહેશે. તો પવન પણ મધ્યમ રહેશે. આ કારણે પતંગરસિકો નિરાશ થશે. તો ૧૫મી જાન્યુઆરીએ પવન સારો રહેશે. ઉત્તરાયણની તમામ તૈયારીઓ ભલે ભરપૂર કરી હોય પણ જો પવન જ ના હોય તો આખી મજા મરી જતી હોય છે. એવામાં ગુજરાતના હવામાન શાસ્ત્રી અંબાલાલ પટેલે ૧૩ અને ૧૪ જાન્યુઆરીએ પતંગ ચગાવવા માટે સવાર સાંજ પવન કેવો રહેશે તેની આગાહી કરી નાંખી છે. આ સાથે ૧૪ અને ૧૫ જાન્યુઆરી વાદળછાયુ વાતાવરણ રહેવાનું છે, ૧૫ જાન્યુઆરીની મધ્યરાત્રીએ પવનનુ જોર રહેશે અને ૧૬ અને ૧૭ જાન્યુઆરીના રોજ પવન વધુ રહેશે. ૧૨ અને ૧૩ તારીખે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સર્જાતા વરસાદ પડશે. કચ્છ, સૌરાષ્ટ્રના કેટલાક ભાગમાં ૧૨ અને ૧૩ તારીખે વરસાદની આગાહી છે. વરસાદને કારણે ઉતરાયણના દિવસે વાદળછાયું વાતાવરણ રહેશે. વરસાદ પતંગરસિયાઓની મજા બગાડે તેવી શક્યતા છે. ઉતરાયણ અને વાસી ઉત્તરાયણના દિવસે પવન રહેશે. ઉત્તર-પશ્ચિમી પવન ૧૪ અને ૧૫ જાન્યુઆરીના રોજ હશે. ૯, ૧૦, ૧૧, ૧૨ અને ૧૩ જાન્યુઆરીએ ઉત્તર ભારતના રાજ્યોમાં કરા સાથે વરસાદ પડતા ઠંડી વધશે. આગાહી મુજબ, ૭ જાન્યુઆરીથી ૧૦ તારીખ સુધી રાજ્યમાં વરસાદની શક્યતા છે. જેમાં દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં વરસાદની આગાહી કરાઈ છે. આ દિવસોમાં મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાત, કચ્છ સહિતના ભાગોમાં ઠંડી વધશે. તો ૯, ૧૦ અને ૧૧ તારીખે અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રીથી પણ નીચું જાય તેવી શક્યતા છે. ઉત્તર ગુજરાત અને બનાસકાંઠામાં પણ સખત ઠંડીની આગાહી કરાઈ છે. જી હા...જાન્યુઆરીમાં કાતિલ ઠંડીનો ચમકારો જોવા મળી શકે છે. ૫ અને ૬ જાન્યુઆરીએ રાજ્યના વાતાવરણમાં પલ્ટો આવશે, એટલે કે વાદળછાયુ વાતાવરણ રહેશે. ૧૦ થી ૧૩ જાન્યુઆરીએ પણ વાતાવરણમાં નરમાશ જોવા મળી શકે છે. જોકે ૧૧ જાન્યુઆરી રાજ્યમાં ઠંડીનો ચમકારો વધશે. ત્યારે હવામાનશાસ્ત્રી અંબાલાલ પટેલે ખાસ જણાવ્યું છે કે ઉત્તરાયણ ઉપર વાદળછાયું વાતાવરણ રહેવાની શક્યતા છે. ૧૫ જાન્યુઆરીની મધ્યરાત્રીએ પવનનુ જોર રહેશે અને ૧૬ અને ૧૭ જાન્યુઆરીના રોજ પવન વધુ રહેશે. ૧૪ અને ૧૫ જાન્યુઆરી વાદળછાયુ વાતાવરણ રહેશે. ૧૪મી જાન્યુઆરી ઉત્તરાયણના પૂર્વ મધ્યરાત્રીએ પવનનુ જોર સાથે સવારે ઠંડી રહેશે. સવારમાં પવનની ગતિ થોડી ઝડપી રહેશે. બપોર બાદ ધીમો પડશે. રાતે સ્પીડમાં પવન ફૂંકાશે. આ સાથે ૧૫ જાન્યુઆરીની મધ્યરાત્રીએ પવનનુ જોર રહેશે. ૧૬ અને ૧૭ જાન્યુઆરીના રોજ પવન વધુ રહેશે.

## માંગરોળ ધારાસભ્યે હોસ્ટેલમાં રહેતા બાળકો સાથે જન્મ દિવસની ઉજવણી કરી



(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૨૫

માંગરોળ ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગઠીયાના જન્મદિવસ નિમિત્તે માંગરોળ શહેરમાં આવેલ ભગતસિંહ હોસ્ટેલના બાળકો સાથે કેર્ક કાપી જન્મ દિવસની ઉજવણી કરવામાં આવેલ હતી. મહત્વપુર્ણ એ હતુકે આજે સામન્ય લોકો પણ પોતાના જન્મ દિવસ નિમિતે મસમોટી પાર્ટીઓ ગોઢવી ખોટા ખર્ચ કરતા હોય છે. ત્યારે માંગરોળ ધારાસભ્ય દ્વારા પોતાના જન્મ દિવસ નિમિતે દુર દુરથી પોતાનું ઘર છોડી અભ્યાસ કરવા આવેલ હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ સાથે જન્મ દિવસ નિમિતે કે કાપી બાળકોને નાસ્તો કરવી ઉજવાતા અને હોસ્ટેલની મુલાકાત લેતા નાના નાના બાળકોમાં ભારે ખુશી જોવા મળી હતી. માંગરોળ વિધાનસભાની લોકલાડીલા અને સતત લોકોની વચ્ચે રહીને પ્રજા લક્ષી કામગીરી માટે તત્પર રહેતા લોકપ્રિય ધારાસભ્ય ભગવાનજીભાઇ કરગઠીયાને જન્મદિવસની ખુબ ખુબ શુભેચ્છાઓ સાથે સાથે લોકો દ્વારા તંદુરસ્ત રહો નિરોગી રહે અને લાંબુ આયુષ્ય મળે તેમજ રાજકીય ક્ષેત્રે ઉતરોતર પ્રગતિ કરો એવી શુભેચ્છાઓ પઠવી હતી.

## હીરા ઉદ્યોગની મંદીના કારણે એક રત્ન કલાકાર ચોર બન્યો



સુરત, તા.૨૫

સુરત શહેરમાં હીરા ઉદ્યોગની મંદીના કારણે એક રત્ન કલાકાર ચોર બન્યો હોવાની ઘટના સામે આવી છે. હીરા ઉદ્યોગમાં સતત મંદીના માહોલ વચ્ચે પરિવારનું ગુજરાન ચલાવવું મુશ્કેલ બન્યું હતું. જેથી પરિવારનું ગુજરાન ચલાવવા યુવાને અન્યો પાસેથી ઉછીના રૂપિયા લીધા હતા. આ રૂપિયાની ભરપાઈ ન થઈ શકતા આખરે એક યુવાને ઉતરાણ વિસ્તારમાં આવાસની અંદર રહેલા ફાયર સેફ્ટીના સામાનની ચોરી કરી હતી. ચોરી કરવા જતા ચોર સીસીટીવી કેમેરામાં કેદ થઈ જતા ઉતરાણ પોલીસે આરોપીને ઝડપી પાડ્યો હતો. સુરતના ઉતરાયણ વિસ્તારમાં સુમન આવાસની અંદર રહેલા ફાયર સેફ્ટીના સમાનની એક વ્યક્તિએ ચોરી કરી હતી. ઘટનાને પગલે પોલીસને જાણ કરાતા પોલીસે ગુનો નોંધી સ્થળ પર જઈ તપાસ કરતા આવાસમાં રહેલ પિત્તળની ૬૨ ફાયર ગન તેમજ પીતળના ૮૧ જેટલા વાલની ચોરી થઈ હતી. જેની કિંમત અંદાજિત ૧.૩૯ લાખ થાય છે. આ સમગ્ર મામલે પોલીસે તપાસ દરમ્યાન સીસીટીવી ફૂટેજ ચેક કર્યા હતા. જેમાં એક યુવાન બપોરના સમયે આવીને એક બાદ એક એમ તમામ વસ્તુ લઈ જાય છે અને ફાયર સેફટીના સામાનની ચોરી કરતો દેખાયો હતો. જેથી પોલીસે આ આરોપીને શોધવા માટે તજવીજ હાથ ધરી હતી. જેમાં પોલીસે ઉતરાણ વિસ્તારમાંથી આરોપી નિતીન રાદડિયાની ધરપકડ કરી લીધી હતી અને તેની પાસે રહેલો તમામ ફાયર સેફટીનો ચોરીનો સામાન કબજે કર્યો હતો.

આરોપી નિતીન રાદડિયાની પૂછપરછ કરતા જાણવા મળ્યું હતું કે તે છેલ્લા ચાર વર્ષથી રત્નકલાકાર તરીકે કામ કરતો હતો. પરંતુ સતત હીરા ઉદ્યોગમાં આવેલી મંદીના કારણે પરિવારનું ગુજરાન ચલાવવું મુશ્કેલ બન્યું હતું. જેથી તેણે છ મહિના પહેલા હીરાનું કામ છોડી દીધું હતું ત્યાર બાદ તેણે ટેક્સટાઈલ માર્કેટમાંથી આવતી સાડીઓમાં સ્ટોન લગાવવાનું પણ કામ શરૂ કર્યું હતું. એમાં પણ તેને નુકસાની આવી હતી. જેથી પરિવારનું ગુજરાન ચલાવવા માટે બારોબારથી ઉછીના રૂપિયા લીધા હતા. જેને ચૂકવવા માટે તેમણે સુરતના ઉતરાણ વિસ્તારમાં આવેલા સુમન આવાસમાંથી ફાયર સેફ્ટીના સાધનની ચોરી કરી આ સામાન વહેંચી તેમણે ઉછીના લીધેલા રૂપિયા ભરપાઈ કરવાનું વિચાર્યું હતું. આરોપી ચોરી કરતો હતો તે દરમિયાન આવાસમાં લાગેલા સીસીટીવીમાં તે કેદ થઈ ગયો હતો. તેથી પોલીસે તેમની ધરપકડ કરી ૬૨ ફાયર ગન અને પિત્તળના ૮૧ વાલ મળી કૂલ દોઢ લાખથી વધુની મત્તા કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## ગામડા અને નાના શહેરોમાં UPI પેમેન્ટમાં ૧૧૮ ટકાનો વધારો

નવી દિલ્હી, તા.૨૫

ગ્રામીણ અને નાના શહેરોમાં **UPI** ચુકવણીમાં ૧૧૮%નો વધારો થયો છે. જ્યારે યુટિલિટી ચુકવણી, રોકડ સંગ્રહ, ક્રેડિટ અને વીમા જેવી ચૂકવણીઓ ઝડપથી વધારો થયો છે. એક વર્ષમાં ગ્રામીણ અને અર્ધ-શહેરી વિસ્તારોમાં રિટેલ સ્ટોર્સ પર યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ **(UPI)** દ્વારા થતા વ્યવહારોમાં ૧૧૮%નો વધારો થયો છે. જો આપણે તેની કિંમત એટલે કે ટ્રાન્ઝેક્શન કરેલી રકમની વાત કરીએ તો તેમાં પણ ૧૦૬%નો વધારો જોવા મળ્યો છે. મોબાઈલ પોઈન્ટ ઓફ સેલ પરના વ્યવહારો પણ ૫% વધ્યા છે. ફિનટેક ફર્મ **PayNearby** દ્વારા 'રિટેલ-ઓ-નોમિક્સ' નામના અભ્યાસમાં આ આંકડા આપવામાં આવ્યા છે. **PayNearby** એ આ વર્ષે જાન્યુઆરીથી નવેમ્બર વચ્ચે લગભગ ૧૦ લાખ દુકાનો પર ટ્રાન્ઝેક્શન રેકોર્ડના આધારે સર્વે આધારિત સંશોધન કર્યું છે.

## દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૧.૬૨ લાખ હેક્ટર જમીનમાં શિયાળુ પાકનું વાવેતર થયું



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૫

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મુખ્ય વ્યવસાય ખેતીને લગત છે અને અહીં ખેતીના પાકના વિવિધ પ્રકારના વાવેતર કરવામાં આવે છે. સાનુકૂળ વરસાદ અને પરિસ્થિતિ વચ્ચે ખેડૂતો ત્રણ મોસમનો પાક લ્યે છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૭૦ ટકા લોકો ખેત વ્યવસાય સાથે સંકળાયેલા છે. આ જિલ્લામાં રવિ પાકનું વાવેતર જિલ્લાની કુલ ખેતીલાયક જમીનના ૬૫.૮૭ ટકા થયું છે. હાલ ૧.૬૨ લાખ હેક્ટર જમીનમાં શિયાળુ પાકનું વાવેતર કરવામાં આવ્યું છે. આ વર્ષે જિલ્લાના અનેક વિસ્તારોમાં પાછોતરો વરસાદ ખેંચાઈ ગયો છે. જેથી અનેક ખેડૂતોના ખેતરમાં પાણીની માત્રા ઘટી જવા પામી છે. આ પરિસ્થિતિમાં ઓછા પાણીની જરૂરત વાળા અને ગત વર્ષે રેકોર્ડ રૂપ ભાવ પ્રાપ્ત કરી ચૂકેલા જીરૂનું વાવેતર અહીં સૌથી વધુ થયું છે. મળતી માહિતી મુજબ કુલ ૧.૬૨ લાખ પૈકી ૧.૧૦ લાખ હેક્ટર જમીનમાં જીરૂનું વાવેતર કરવામાં આવ્યું છે. જ્યારે ચણાનું વાવેતર ૧૯ હજાર હેક્ટરમાં તથા ૧૪ હજાર હેક્ટરમાં ધાણા વાવવામાં આવ્યા છે. જિલ્લામાં સૌથી ઓછું વાવેતર ઘઉંનું ૫ હજાર હેક્ટરમાં થયું છે. દેવભૂમિ દ્વારકા જિલ્લાના સૌથી વધુ વાવેતર કલ્યાણપુરમાં થયું છે. જ્યારે બીજા ક્રમે ખંભાળિયા તાલુકો અને ત્રીજા ક્રમે ભાણવડ તાલુકા આવે છે. સૌથી ઓછું વાવેતર વિશાળ દરિયા કિનારો ધરાવતા દ્વારકા વિસ્તારમાં થાય છે. જો કે ખેડૂતોને સિંચાઈની સગવડો મળતી મળી રહેતી હોવાથી તેમજ અહીંના ખેડૂતો જાતે પિયત અને સિંચાઈ મંડળીઓની મદદથી જરૂર પડ્યે ડેમમાંથી પાણી મેળવીને પિયત કરતા હોવાથી સિંચાઈના લાભ જ્યાં વધુ મળે છે, ત્યાં વધુ વાવેતર થતું જોવા મળે છે. હાલની પરિસ્થિતિમાં જિલ્લાના અનેક વિસ્તારમાં ખેડૂતો માટે બાર આની વર્ષ માનવામાં આવે છે.

## આધાર વિના જ આધાર બનાવી આપતો શખ્સ ઉનાથી ઝડપાયો

ઉના, તા.૨૫

રાજ્યમાં વધુ એક નકલીનો કિસ્સો સામે આવ્યો છે. ગીર સોમનાથ જિલ્લાના ઉનામાં નકલી આધાર કાર્ડનો વેપલો પકડાયો છે. એક શખ્સ પોતાની દુકાનમાં લોકોને કોઈપણ જાતના આધાર પુરાવા વિના આધાર નકલી આધાર કાર્ડ બનાવી આપતો હોવાની ફરિયાદ નોંધાઈ છે. એલસીબીના દરોડામાં ઉના બસ સ્ટેશન પર આ શખ્સ નકલી આધાર કાર્ડ બનાવતી આપતો રંગેહાથે પકડાયો હતો. હાલ પોલીસની તપાસ ચાલુ છે.

## પ્રદોષ વ્રતનું મહત્વ તથા વાર પ્રમાણે ફળ

પ્રદોષ વ્રતનું મહત્વ ઘણું છે જીવનમાં કોઈ પણ પ્રોબ્લેમ હોય તેના નિવારણ માટે એક વર્ષ સુધી પ્રદોષ વ્રત રહેવું જોઈએ. ગુજરાતી મહિના પ્રમાણે શુક્લ પક્ષ અને કૃષ્ણ પક્ષમાં જ્યારે સાંજના સમયે તેરસ તિથિ હોય આ દિવસને પ્રદોષનો દિવસ કહેવામાં આવે છે. આની વિગત પંચાંગમાં હોય છે. આ વ્રતમાં આખો દિવસ ઉપવાસ રહેવો અને સાંજના સમયે ખાસ કરીને મહાદેવજીની પૂજા કરવી. ઓમ નમઃ શિવાય અથવા મૃત્યુંજય મંત્રના જાપ કરવા આ વ્રત ભાઈઓ તથા બહેનો બંને રહી શકે છે.

દરેક વાર પ્રમાણે આવતા પ્રદોષ વ્રતનું શું મહત્વ છે.

(૧) રવિવારે આવતુ પ્રદોષનું વ્રત કરવાથી આત્મબળ વધે છે. સરકારી નોકરી મેળવવા માટે તથા નોકરીમાં પ્રમોશન માટે રવિ પ્રદોષ કરવું જોઈએ રવિવારે આવતા પ્રદોષને ભાનુપ્રદોષ કહેવામાં આવે છે.

(૨) સોમવારના દિવસે આવતા પ્રદોષ વ્રત કરવાથી આરોગ્ય સારૂ રહે છે. બીમારી દૂર થાય છે માનસિક શાંતિની પ્રાપ્તિ થાય છે. ચંદ્રબળ વધે છે. સોમવારે આવતા પ્રદોષને સોમ પ્રદોષ કહેવામાં આવે છે.

(૩) મંગળવારે પ્રદોષ વ્રત. આ દિવસે વ્રત કરવાથી દેવામાંથી મુક્તિ મળે છે. તેમજ આર્થિક સંકટોથી છુટકારો મળે છે. તે ઉપરાંત તેઓને પોતાનું રહેવાનું મકાન ન હોય ભાડે રહેતા હોય તો મકાનની પ્રાપ્તિ થાય છે. જમીન મકાન માટે ભોમ પ્રદોષનું વ્રત રહેવું જોઈએ.

(૪) બુધવારના દિવસે આવતું પ્રદોષ વ્રત કરવાથી બુદ્ધિ શક્તિમાં વધારો થાય છે. વિચાર શક્તિમાં વધારો થાય છે. જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

(૫) ગુરૂવારના દિવસે પ્રદોષ વ્રત આવે તો તેને કરવાથી જે લોકોને કૌટુંબિક પ્રોબ્લેમ હોય દાંપત્યજીવનમાં પ્રોબ્લેમ હોય તો આ દિવસે પ્રદોષનું વ્રત રહેવું જોઈએ. સંતાન સાથે બનતું હોય તો પણ ગુરૂવારે પ્રદોષ આવતો હોય તે દિવસે વ્રત રહેવું જોઈએ.

(૬) શુક્રવારના દિવસે આવતા પ્રદોષ વ્રત રહેવાથી જે લોકોના વિવાહ ન થતા હોય તો શુક્રવારે પ્રદોષનું વ્રત રહેવું જોઈએ. સંતાન પ્રાપ્તિ માટે પણ આ દિવસે વ્રત રહેવું જોઈએ.

(૭) શનિવારે આવતા પ્રદોષને મંદ પ્રદોષ કહેવામાં આવે છે. આ દિવસે પ્રદોષનું વ્રત રહેવાથી જન્મ કુંડળીમાં શની પીડા શાંત થાય છે. પનોતીની પીડા પણ શાંત થાય છે.

**- જ્યોતિષી રાજદીપ જોશી(વેદાંત રત્ન)**

"તમે રમવા આવો મહારાસ, ઓ મારા દ્વારકાના નાથ...

# દ્વારકામાં ૩૭,૦૦૦ આહિરાણીઓએ મહારાસમાં રમઝટ બોલાવી

## બે લાખ જેટલી જનમેદનીની ઉપસ્થિતિમાં સર્જાયો અનોખો વિક્રમ : કૃષ્ણ રાસ બાદ વિશ્વશાંતિ માટે રેલી સ્વરૂપે ભગવાન શ્રીકૃષ્ણને રાસ અર્પણ

## આહિરાણીઓ પારંપારિક પોષાકમાં મહારાસ રમી








(પ્રકાશ ભાદરકા દ્વારા)

જૂનાગઢ તા. ૨૫

દ્વારકામાં આહીર સમાજ દ્વારા મહારાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આહિરાણીઓએ ભગવાન દ્વારકાધીશને બાવન ગજની ધ્વજા ચડાવી હતી. શ્રીકૃષ્ણની કર્મભૂમિ દ્વારકા એક મહાન અને મહત્વનો ઈતિહાસ રચાયો છે.

અત્રે જણાવી દઈએ કે, ૫૦૦ એકર જગ્યામાં મહારાસનું આયોજન કરાયું હતું. જ્યા ૩૭ હજાર આહિરાણીઓ પારંપારિક પોષાકમાં મહારાસની રમઝટ બાલોલાવી છે. જ્યારે એક અદ્ભૂત નજારો જોવા મળ્યો હતો. જૂદા-જૂદા કાર્યક્રમોની સમગ્ર તૈયારીઓ કરવામાં આવી હતી. મુખ્ય દ્વાર સહિતના સ્થળો ઉપર ખૂબ જ સુંદર શણગાર કરવામાં આવ્યો હતો. તેમજ જગત મંદિર પણ રોશનીથી ઝગમગી ઉઠ્યું છે. આહિર સમાજના તમામ આગેવાનો અને યુવા નેતાઓ સહિતની મોટી સંખ્યામાં ઉપસ્થિતિ રહ્યાં હતા. બ્રહ્મમુહૂર્તમાં નંદગામ પરિસર ACC ગ્રાઉન્ડમાં ૩૭,૦૦૦ આહિરાણીઓ ગ્રાઉન્ડમાં પહોંચી હતી.

ત્યાર બાદ બ્રહ્માકુમારી દીદી દ્વારા વ્યાખ્યાન સાંભળવામાં આવ્યું ત્યારબાદ પારંપરિક પહેરવેશ અને આભૂષણો દ્વારા પહેરી ૩૭ હજારથી વધુ આહીરાણીઓ મહારાસમાં રમઝટ બોલવી હતી. માયાભાઈ આહીર, અનિરુદ્ધ આહિર, સભીબેન આહીર, મેક્સ આહીર, ભાવેશ આહીર સહિતના કલાકારોના રાસના સંગતથી આહિરાણીઓ મહારસમાં રમઝટ બોલાવી હતી. ગ્રાઉન્ડની વચ્ચે ધર્મ ધજા અને તિરંગો પણ લહેરાવવામાં આવ્યો હતો. જ્યાં ૨ લાખથી વધુ લોકો આ અલૌકિક નજારો જોવા ઉમટ્યાં હતા.

આ ૩૭૦૦૦ આહિરાણીઓનો મહારાસનું ખાસ આયોજન સમસ્ત અખિલ ભારતીય આહીરાણી મહારાસ સંગઠન દ્વારા કરવામાં આવ્યું હતું. ACC ગ્રાઉન્ડમાં આહીરાણીઓ દ્વારા ભવ્ય રાસની રમઝટ બોલાવી હતી. જે એક મહત્વનો રેકોર્ડ પણ સર્જાયો છે, સાથો સાથ ઈતિહાસ પણ રચાયો છે. ભવ્ય લોક ડાયરા સહિતના કાર્યક્રમ વચ્ચે મહારાસની શરૂઆત થઈ હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, વિગતો મુજબ તા. ૨૩-૨૪મી ડીસેમ્બરે રાજાધિરાજ ભગવાન દ્વારકાધીશજીના અધ્યક્ષસ્થાને આ મહારાસનું આયોજન કરાયું હતું. જેમાં હાલાર ઉપરાંત પ્રદેશના એટલે કે, રાજયના જુદા જુદા ૨૪ જિલ્લા સહિત વિવિધ પ્રાંતના ૩૭ હજાર આહિરાણીઓ પરંપરાગત પોશાકમાં સજજ બની આ કાર્યક્રમમાં સહભાગી થઈ છે. આ ઉપરાંત અમેરિકા, કેનેડા, ઓસ્ટ્રેલિયા, સાઉથ આફ્રિકા દુબઈ સહિત વિશ્વભરમાંથી આહીરાણીઓ દિવ્યરાસ રમવા આવી પહોંચી હતી.

**ધર્મ ભક્તિ સાથે રાષ્ટ્ર ભક્તિઃ વિશ્વ શાંતિની પ્રાર્થના સાથે મહારાસ શ્રી કૃષ્ણને અર્પણ**

આ આયોજનમાં ભગવાન શ્રીકૃષ્ણની વિશાળ મૂર્તિ તેમજ સાથે રાષ્ટ્રધ્વજ અને ધર્મધ્વજને ફરકતો રાખવામાં આવ્યો હતો. આ મહારાસની પૂર્ણાહુતિ બાદ આહીર સમાજના શ્રેષ્ઠિઓ, આગેવાનો, નેતાઓ, કાર્યકરો વિગેરે દ્વારા વિશ્વ શાંતિ માટે રેલી સ્વરૂપે આ મહારાસ ભગવાન શ્રીકૃષ્ણને અર્પણ કરવામાં આવ્યો હતો. આ મહારાસમાં સહભાગી થવા માટે દુબઈ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, અમેરિકા, સાઉથ આફ્રિકા વિગેરે દેશોમાંથી પણ બહેનો સહભાગી થયા હતા. આ અલૌકિક નજારો જોવા રવિવારે આશરે બે લાખથી વધુ લોકો એકત્ર થયા હતા. આ આયોજનમાં ભાગ લેવા માટે દૂર દૂરથી આવેલા બહેનોને રહેવા માટે દ્વારકા સ્થિત આહિર જ્ઞાતિની સમાજવાડી, ધર્મશાળાઓ તેમજ હોટેલમાં અગાઉથી જ રજીસ્ટ્રેશન કરાવવામાં આવ્યું હતું.

# જૂનાગઢ બાર એસો.નાં નવનિયુકત પ્રમુખ પદે જયદેવ જોષીની વરણી : અભિનંદનની વર્ષા

## ઉપપ્રમુખ તરીકે કુંભાણી ધીરજલાલ, યોગેન્દ્રસિંહ ઠાકોર વિજેતા



જૂનાગઢ તા. ૨૫

જૂનાગઢ બાર એસો.ની વર્ષ ૨૦૨૪-૨૫નાં માટે નવા હોદેદારોની ચુંટણી તા. ૨૨-૧૨-૨૩નાં ચુંટણી યોજાય હતી. અને ૮૮ ટકા મતદાન થયું હતું. જેમાં કુલ મતદારો ૭૬૬ પૈકી ૬૭૫ મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. અને તા. ૨૩-૧૨-૨૩ શનિવારે મત ગણતરી કાર્ય હાથ ધરાયું હતું. અને તીવ્ર રસાકસીભર્યા જંગમાં રાત્રીનાં ૧૨.૩૦ કલાકે મત ગણતરી પૂર્ણ થતાં બાર એસો.નાં નવા પ્રમુખ પદે જયદેવ જોષીનો ૧૩૫ મતે વિજય થયો હતો. અત્યંત રસાકસીભર્યા બાર એસો.નાં આ ચુંટણી જંગમાં પ્રમુખ પદે જયદેવભાઈ રસીકલાલ જોષી, ઉપપ્રમુખ પદે કુંભાણી ધીરજલાલ વૃજલાલ, ઉપપ્રમુખ પદે યોગેન્દ્રસિંહ મનહરસિંહ ઠાકોરની વરણી થઈ હતી. જયારે સેક્રેટરી તરીકે ભાવેશ મેરામભાઈ ઝીંઝુવાડીયા, જોઈન્ટ સેક્રેટરી રાજકુમાર દયારામ હીરાણી, જોઈન્ટ સેક્રેટરી મહેશચંદ્ર બાલકૃષ્ણ જાની, ટ્રેઝરર તરીકે બાબરીયા અજીતભાઈ સમજુભાઈ ચુંટાઈ આવ્યા હતાં. આ ચુંટણીનું પરીણામ જાહેર થતાં જ પ્રમુખ પદે જયદેવ રસીકલાલ જોષી ચુંટાઈ આવ્યા હતાં. તેમજ પ્રમુખ પદ સહીતનાં હોદેદારો અને કારોબારી સભ્યો વિજેતા જાહેર થતાં કોર્ટ સંકુલ બહાર ફટાકડાની આતશબાજી અને હારતોરા કરીને નવા ચુંટાયેલા હોદેદારોને સૌ વકીલ મંડળનાં સભ્યોએ અભિનંદન પાઠવ્યા હતાં. જયારે આ ચુંટણીમાં ૧૦ કારોબારી સભ્યોનાં નામો પણ જાહેર કર્યા હતાં. બાર એસો.ની યોજાયેલી ચુંટણીમાં વિજેતા બનેલા હોદેદારો તેમજ કારોબારી સભ્યો સહીત તમામને અભિનંદન સાથ શુભકામના પાઠવવામાં આવી હતી. દરમ્યાન જૂનાગઢ બાર એસો.નાં નવનિયુકત પ્રમુખ જયદેવ જોષીએ આ ચુંટણીમાં વિજય બનાવવા બદલ વકીલ મતદારોનો આભાર માનતા જણાવ્યું હતું કે તેમનાં કાર્યકાળ દરમ્યાન થતા એટલા તમામ કામો કરીશું. સાથે જ વકીલો અને અસીલો માટે સારામાં સારી સુવિધા ઉભી થાય તેવા પ્રયાસો કરાશે. અને સૌથી પહેલા બાર એસો.ની નવી ડીરેકટરી જાહેર કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

# વડતાલધામ દ્વિશતાબ્દિ મહોત્સવ ઉપક્રમે શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ(મંદિર) અંકલેશ્વરના આંગણે સત્સંગ સભા યોજાઈ




(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૫

શ્રી સ્વામિનારાયણ સેવાનિકેતન સંચાલિત શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ, મંદિરમાં બિરાજતા રાજાધિરાજ ભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુજી તેમજ સ્વામિનારાયણ ભગવાનના મહાપ્રતાપી સંત અમારા આદિગુરૂ સદ્. શ્રીગોપાળાનંદ સ્વામીએ સ્વયં પૂજેલા શ્રીહરિકૃષ્ણ મહારાજના દિવ્ય સાનિધ્યમાં તેમજ ગુરૂવર્ય કૃષ્ણસ્વરુપ શાસ્ત્રીજી મહારાજના પવિત્ર માર્ગદર્શન હેઠળ તારીખ ૨૩-૧૨-૨૦૨૩, શનિવારને મોક્ષદા એકાદશીના પવિત્ર દિવસે પ્રથમ સત્સંગસભા યોજાઈ હતી. જેમાં ખાસ્સા પ્રમાણમાં હરિભક્તોએ કથા - વાર્તા અને ધુન - કીર્તનનો દિવ્ય લાભ લઈ પોતાના જીવનને ધન્ય બનાવ્યું હતું. ગુરૂકુલ પરિવાર, અંકલેશ્વર શહેરમાં વસતા દરેક ભાવિક ભકતોજનોને આગામી એકાદશીની સત્સંગ સભામાં પધારવા ભાવથી આહ્વાન કરે છે.

# બલિયાવાડ ગામે શ્વાસ લેવામાં તકલીફ થતા યુવતીનું સારવારમાં મોત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૨૫ : જૂનાગઢ નજીકના બલિયાવાડ ગામમાં જલ્પાબેન રવજીભાઈ વાઘેલા(ઉ.વ.૨૫) નામની યુવતીને ૨૧ ડિસેમ્બરે રાત્રે અચાનક પેટમાં દુઃખાવો ઉપડતા અને શ્વાસ લેવામાં તકલીફ થતા તેમને જૂનાગઢ સરકારી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. શનિવારે સાંજે સારવાર દરમ્યાન યુવતીનું મૃત્યું નીપજતા તેના પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું.

મામલતદાર, જૂનાગઢ (શહેર)ની કોર્ટમાં
તાલુકા સેવા સદન, સરદારબાગ, જૂનાગઢ

નં. જન્મ-મરણ/નોંધણી કેસ નં. ૨૮/૨૦૨૩

**-// જાહેર નોટીસ//-**

શ્રી શાંતાબેન મનજીભાઈ ભરડવા
રહેઃ- ભવાનીનગર પાછળ, દોલતપરા, જૂનાગઢ. ........વાદી

-// વિરૂધ -//

જન્મ/ મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી,
મહાનગરપાલિકા, જૂનાગઢ.
તા. જૂનાગઢ (શહેર), જીલ્લોઃ- જૂનાગઢ. .............પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ- ૧૯૬૯ ની કલમ- ૧૩ હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી શાંતાબેન મનજીભાઈ ભરડવાએ તેમનાં પુત્ર રમેશચંદ્ર મનજીભાઈ ભરવડા કે જેઓનું તા.૧૭/૧૨/૧૯૯૪નાં રોજ જૂનાગઢ મુકામે અવસાન થયેલ, પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમની મરણ નોંધ મહાનગરપાલિકા, જૂનાગઢની કચેરીએ કરવાની રહી ગયેલ હોય, મરણની નોંધ કરવા અરજી કરેલ છે. આ અરજીનાં અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજુ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજરોજ તારીખઃ ૨૧, માહેઃ- ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ મારી સહિ તથા સિકકો કરી આપ્યો.

સહી : અવાચ્ય
મામલતદાર અને એકઝીકયુટીવ
મેજીસ્ટ્રેટ જૂનાગઢ (શહેર)

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
MI-GL
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્ક.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

ૐ નેચર ક્યોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે
ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

# જૂનાગઢમાં પીએમ સ્વનિધિના લાભાર્થીઓના સ્નેહમિલન કાર્યક્રમમાં કૃષિ મંત્રી રાઘવજી પટેલની પ્રેરક ઉપસ્થિતિ

## પીએમ સ્વ નિધિ યોજના હેઠળ લોન આપવામાં રાજ્યમાં જૂનાગઢ અગ્રેસર : પીએમસ્વનિધિ યોજનાના ૧૦૦% લક્ષ્યાંક પ્રાપ્તિ બદલ જૂનાગઢ કોર્પોરેશન ટીમને અભિનંદન પાઠવતા મંત્રી : પીએમસ્વનિધિ યોજના ના માધ્યમથી સમાજના છેવાડાના માનવીનો ઉત્કર્ષ થયો છે : મંત્રી






(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૫

જૂનાગઢમાં ટાઉનહોલ ખાતે પીએમ સ્વનિધિ યોજનાના લાભાર્થીઓના સ્નેહમિલન કાર્યક્રમમાં કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલ સહભાગી બન્યા હતા. મંત્રીના હસ્તે લાભાર્થીઓને સહાય, ચેક, પરિચય બોર્ડ, ડિજિટલ ટ્રાન્જેક્શન, ક્યુઆર કોડનું સ્ટેજ ઉપરથી વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કૃષિમંત્રી શ્રી એ જણાવ્યું હતુ કે, કોરોના કાળ દરમ્યાન સમાજ જીવન ઠપ હતું. ધંધા રોજગાર બધું બંધ હતું. એવા સંજોગોમાં સમાજના છેવાડાના માનવીની હાલત અત્યંત કફોડી બની ગઈ હતી. ત્યારે તેની સંવેદનાનો પડઘો વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પહોંચ્યો હતો અને તેમને નાના ધંધાર્થીઓને મદદરૂપ થવા માટે પીએમ સ્વનિધિ યોજના બહાર પાડી હતી. ગરીબ ધંધાર્થીઓ પોતાનો ધંધો કરી શકે પ્રગતિ કરે અને સ્વર નિર્ભર બને અને સ્વનિધિથી સમૃદ્ધિ તરફ આગળ વધે એ કલ્પના વડાપ્રધાનની સાકાર થઈ છે. આ યોજના હેઠળ પ્રથમ તબક્કામાં ૧૦,૦૦૦ તથા પ્રથમ લોન પૂર્ણ થયેલ લાભાર્થીઓને બીજા તબક્કામાં ૨૦,૦૦૦ સુધી અને ત્રીજા તબક્કામાં ૫૦,૦૦૦૦ સુધી વર્કિંગ કેપિટલ લોન સિક્યુરિટી વિના બેંકો મારફત આપવામાં આવે છે. આ યોજના હેઠળ લોન મેળવનાર અને નિયમિત હપ્તા ભરનાર તમામ લાભાર્થીઓને વ્યાજમાં સાત ટકા સબસીડી નો લાભ પણ સરકાર તરફથી આપવામાં આવે છે. તેમને ઉમેર્યું હતુ કે, આ યોજનાના માધ્યમથી નાના અને ગરીબ પરિવારોના જીવનમાં વૃદ્ધિ થઈ છે. અહીં પ્રત્યક્ષ રીતે જૂનાગઢમાં આ યોજનાના લાભાર્થીઓના પ્રતિભાવો સાંભળીને મને ખૂબ જ આનંદ થાય છે.પી એમ સ્વનિધિ યોજના હેઠળ લોન આપવામાં રાજ્યમાં જૂનાગઢ પ્રથમ ક્રમે છે. જૂનાગઢ ટીમ કોર્પોરેશનની આ સીદ્ધી બદલ મંત્રીએ સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા હતા. મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે વડાપ્રધાનનું સ્વપ્ન છે કે વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારત સમૃદ્ધ રાષ્ટ્ર બને એ માટે વ્યક્તિગત રીતે પાકું ઘર, શુદ્ધ પાણી, ગેસ ચૂલો ,ગરીબોને અનાજ મફત મળે. વિકસિત ભારત સંકલ્પ યાત્રા અંતર્ગત લાભાર્થીઓને સરકાર ઘર આંગણે જઈ લાભ આપી રહી છે. સમાજના ગરીબ, પછાત, વંચિત અને જરૂરત મંદ તમામ નાગરિકોને પ્રાથમિક સુવિધા મળે એ સરકારની નેમ છે. આ તકે મંત્રીએ લોન આપનાર બેંકોના સહકાર બદલ બેંકના અધીકારીઓનો પણ આભાર માન્યો હતો. ઉલ્લેખનીય છે કે, જૂનાગઢમાં પીએમ સ્વનિધિ યોજના અંતર્ગત ૧૦,૦૦૦ની લોન ૭૬૪૦લાભાર્થીઓને,૨૦,૦૦૦ની લોન ૨૬૩૧ લાભાર્થીઓને અને ૫૦,૦૦૦ની લોન ૨૪૦ એમ મળીને કુલ ૧૦,૨૫૧ લાભાર્થીઓને ૧૩.૭ કરોડ રૂપિયાની લોન મંજૂર કરવામાં આવેલ છે. જૂનાગઢ શહેરના મેયર ગીતાબેન પરમાર એ જણાવ્યું હતું કે, છેવાડાના માનવીની દરકાર માટે પીએમ સ્વ નિધિ યોજના કાર્યરત કરવામાં આવી છે. જેને જૂનાગઢમાં સો ટકા સફળતા મળી છે. ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા એ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દિશા નિર્દેશમાં નાનામાં નાનો માણસ પણ સમૃદ્ધ બને એ દિશામાં કામ કરવામાં આવી રહ્યું છે. ગરીબને સમૃદ્ધ બનાવવા માટે પીએમ સ્વનિધિ યોજનાનો આરંભ કરવામાં આવ્યો છે. આ પ્રસંગે મંત્રીના હસ્તે લાભાર્થીઓને સહાય, ચેક, પરિચય બોર્ડ, ડિજિટલ ટ્રાન્ઝેકશન ક્યુઆર કોડનું સ્ટેજ ઉપરથી વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે શાળાની બાળાઓ દ્વારા અને કલાકારઓ દ્વારા સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૮માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...
બાબુભાઈ મો. ૭૪૩૩૮ ૦૩૫૩૫
સંદિપભાઈ મો. ૯૪૨૬૮ ૩૩૮૧૧
મીઠાઈઓની મીઠાશ...એટલે...
મુરલીધર ડેરી ફાર્મ

અંબા આર્કેડ, એમ.જી. રોડ, જેનીલી શોપીંગ સેન્ટરની પાસે, જૂનાગઢ

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

Vibrant GUJARAT 2024
10-12 Jan
Gateway to the Future | 10th Global Summit

આઝાદીના અમૃતકાળમાં
આવો, સૌ સાથે મળી ઉજવીએ

# ગુડ ગવર્નન્સ ડે
# સુશાસન દિવસ

તા. ૨૫મી ડિસેમ્બર





ભારતના પૂર્વ વડાપ્રધાન અને ભારત રત્ન
**સ્વ. શ્રી અટલ બિહારી વાજપેયીને**
જન્મ જયંતિ પર કોટી કોટી વંદન...

## સંવેદનશીલ, પારદર્શક અને હકારાત્મક અભિગમ સાથે સુશાસનમાં અગ્રેસર ગુજરાત

### ગુજરાત બન્યું છે ગુડ ગવર્નન્સનું મોડેલ સ્ટેટ

**મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**ની
પ્રેરક ઉપસ્થિતિમાં સુશાસન દિવસની ઉજવણી
**સ્થળ:** નર્મદા હોલ, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર

**Good Governance Initiative અંતર્ગત લોકાર્પણ**

- FDCA-mDMLA મોબાઈલ એપ્લિકેશન
- SELF Finance Institute Affiliation Application
- અનુદાનિત કોલેજોના કર્મચારી માટે પગારબીલ સુવિધા
- રેશનકાર્ડ સંબંધિત સેવાઓ માટે ફેસ ઓથેન્ટિકેશન સુવિધા
- Nirbhaya-મહિલા સુરક્ષા મોબાઈલ એપ
- આંગણવાડી વિઝીટ ટ્રેકર (AVT) એપ્લિકેશન

**સુશાસન દ્વારા જ સરકારની યોજનાના લાભ તમામ વર્ગ સુધી પહોંચી શકે છે.**
**-શ્રી નરેન્દ્રભાઈ મોદી, વડાપ્રધાન**

### ગુજરાતમાં સુશાસનને ઉજાગર કરતી કેટલીક મહત્વની બાબતો

- SWAGAT ઓનલાઈન કાર્યક્રમની વધી પારદર્શિતાઃ નાગરિકો કરી શકશે ઓનલાઈન ફરિયાદ
- પ્રજા સાથે સીધો સંવાદઃ દર સોમવારે અને મંગળવારે મુખ્યમંત્રીશ્રી દ્વારા નાગરિકોને મળી તેમના પ્રશ્નોના ઉકેલનો ભગીરથ પ્રયાસ
- ૧૪૦૦૦થી વધુ ગ્રામ પંચાયતમાં ૩૨૦થી વધુ સરકારી સેવાઓ મળી રહી છે ઓનલાઈન
- ખેડૂતોને સીધા અને સરળતાથી લાભ મળે તે માટે i-khedut પોર્ટલ
- મોટા શહેરો જેવી અદ્યતન સુવિધા અને સિટીઝન સેન્ટ્રીક સર્વિસીસ નાના નગરોને પણ મળે તેવા જનહિત ભાવથી ૨૧ નગરપાલિકામાં સિટી સિવીક સેન્ટર/નાગરિક સુવિધા કેન્દ્રો ઊભા કરાયા
- શિક્ષણની ગુણવત્તા વધારનાર વિદ્યા સમીક્ષા કેન્દ્રને મળ્યો પ્રાઈમ મીનીસ્ટર્સ એવોર્ડ ફોર એક્સેલન્સ ઇન પબ્લિક એડમિનીસ્ટ્રેશન
- ફાયર સેફ્ટી સર્ટિફિકેટ તેમજ તેના રિન્યૂઅલ સહિતની પ્રક્રિયાઓ ઓનલાઈન થાય તે માટે ગુજરાત ફાયર સેફ્ટી કોપ ઈ-પોર્ટલ લોન્ચ કરનારું ગુજરાત બન્યું પ્રથમ રાજ્ય
- અત્યાર સુધીમાં ૪૦૯ યોજનાઓના રૂ.૯૭,૦૦૦ કરોડથી વધુ સીધા લાભાર્થીઓના ખાતામાં થયા ટ્રાન્સફર
- અત્યાધુનિક ટેકનોલોજી દ્વારા ગ્રામ્ય વિસ્તારોની મિલકતોનું મેપિંગ : સ્વામિત્વ યોજના હેઠળ અત્યાર સુધીમાં ૫૬૦થી વધુ ગામોની ૮૭,૬૦૦થી વધુ મિલકતોના પ્રોપર્ટી કાર્ડ કરાયા તૈયાર
- GeM પોર્ટલ મારફતે પારદર્શક ખરીદી અંગેની ઉત્કૃષ્ટ કામગીરી બદલ રાજ્ય સરકારને રાષ્ટ્રીય સ્તરે મળ્યાં સાત એવૉર્ડ

## સુશાસિત ગુજરાત થકી, વિકસિત ભારતનું થશે નિર્માણ










GeM Government e Marketplace
Efficient • Transparent • Inclusive



## ગુડ ગવર્નન્સ ઈન્ડેક્સમાં અગ્રેસર ગુજરાત